અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૧૨ | અંક : ૧૨૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન રતન ટાટાને યાદ કર્યા

### C-295 મિલિટરી પ્લેન ટાટા એડવાન્સ સિસ્ટમ્સ (TASL)ની આ ઉત્પાદન સુવિધામાં બનાવવામાં આવશે : ઉત્પાદિત પ્લેન ભવિષ્યમાં નિકાસ કરાશે

# વડાપ્રધાન મોદી - સ્પેનના વડાપ્રધાને વડોદરામાં ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

પ્રધાનમંત્રી મોદી અને સ્પેનના વડા પ્રધાને આજે વડોદરામાં ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. **C-295** મિલિટરી પ્લેન ટાટા એડવાન્સ સિસ્ટમ્સ **(TASL)**ની આ ઉત્પાદન સુવિધામાં બનાવવામાં આવશે. આ પ્લાન્ટ લશ્કરી વિમાનો માટે ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રની ફાઈનલ એસેમ્બલી લાઈન **(FAL)** છે, જે દેશના સંરક્ષણ સ્વ-નિર્ભરતાની શોધમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આજનો દિવસ માત્ર ભારત માટે જ નહીં પરંતુ ટાટા ગ્રુપ માટે પણ ઐતિહાસિક દિવસ છે. તમને જણાવી દઈએ કે **C-295** મિલિટરી પ્લેનના નિર્માણ માટે ૨૦૨૧માં ભારત અને સ્પેન વચ્ચે એક મોટો કરાર થયો હતો.

૨૦૨૧ માં, ભારતના સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેનાના જૂના થેલા **Avro-748** એરક્રાફ્ટને બદલવા માટે ૫૬ **C-295** ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની સપ્લાય માટે એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ, સ્પેન સાથે રૂ. ૨૧,૯૩૫ કરોડની ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કોન્ટ્રાક્ટ હેઠળ, સ્પેનથી ૧૬ એરક્રાફ્ટ સંપૂર્ણ રીતે એસેમ્બલ કરવામાં આવશે, જ્યારે બાકીના ૪૦ એરક્રાફ્ટ વડોદરાના **TASL** પ્લાન્ટમાં એસેમ્બલ કરવામાં આવશે. વડોદરામાં તૈયાર થનાર પ્રથમ **C-295** એરક્રાફ્ટ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જશે. **TASL** ખાતે ઉત્પાદિત તમામ એરક્રાફ્ટ ઓગસ્ટ ૨૦૩૧ સુધીમાં ડિલિવર થવાના છે.

આ ઐતિહાસિક અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન રતન ટાટાને યાદ કર્યા. પીએમ મોદીએ કહ્યું કે જો આજે આ મોટા અવસર પર રતન ટાટા હાજર હોત તો તેઓ ખૂબ જ ખુશ હોત. તેમણે કહ્યું કે ટાટા-એરબસ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટથી ભારત-સ્પેનના સંબંધો મજબૂત થશે. **PM**એ કહ્યું કે વડોદરામાં ઉત્પાદિત પ્લેન ભવિષ્યમાં નિકાસ પણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે વડોદરામાં એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ અમારા 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર વર્લ્ડ' મિશનને પણ મજબૂત કરશે.

ઉદ્‌ઘાટન બાદ લોકોને સંબોધતા તેમણે કહ્યું કે થોડા સમય પહેલા દેશે પોતાના મહાન પુત્ર રતન ટાટાને ગુમાવ્યા છે. જો આજે રતન ટાટા આપણી વચ્ચે હોત તો તેઓ ખૂબ જ ખુશ હોત. આજે ભારત આ યોજના પર ઝડપે કામ કરી રહ્યું છે. યોજનાના આયોજન અને અમલમાં કોઈ વિલંબ થવો જોઈએ નહીં. અહીંથી બનેલા એરક્રાફ્ટ અન્ય દેશોને પણ આપવામાં આવશે.

આ ખાસ અવસર પર વડા પ્રધાન પેડ્રો સાંચેઝે કહ્યું કે એરબસ અને ટાટા વચ્ચેની આ ભાગીદારી ભારતીય એરોસ્પેસ ઉદ્યોગની પ્રગતિમાં ફાળો આપશે અને અન્ય યુરોપિયન કંપનીઓના આગમન માટે નવા દરવાજા ખોલશે. આ પ્રોજેક્ટ





બે વિશ્વના શ્રેષ્ઠને એકસાથે લાવે છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે કહ્યું, "આજે અમે માત્ર એક અદ્યતન ઔદ્યોગિક સુવિધાનું જ ઉદ્ઘાટન નથી કરી રહ્યા. આજે આપણે એ પણ જોઈ રહ્યા છીએ કે બે પ્રતિષ્ઠિત કંપનીઓ વચ્ચે એક અસાધારણ પરિયોજના વાસ્તવિક બની જાય છે.

પીએમ મોદીની પ્રશંસા કરતા પેડ્રો સાંચેઝે જણાવ્યું હતું કે, તમારુ વિઝન ભારતને ઔદ્યોગિક શક્તિ અને રોકાણ અને વેપાર માટે આકર્ષણ બનાવે છે. તેમણે આગળ કહ્યું કે, ૧૦ વર્ષ પહેલાં જો ડિફેન્સ સેક્ટરે લઈ ઠોસ પગલાં ન લીધા હોત તો આજે આ અસંભવ હોત. વાઈબ્રન્ટ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝનું ભારતમાં વિકાસ થયો છે. ૧૦૦૦ નવા ડિફેન્સ સ્ટાર્ટઅપ ભારતમાં બન્યા છે. ૧૦ વર્ષમાં ભારતનું ડિફેન્સ એક્સપોર્ટ ૩૦ગણુંવધ્યુંછે.દુનિયાના૧૦૦દેશોનેડિફેન્સસાધનો એક્સપોર્ટ કરીએ છીએ. એરક્રાફ્ટ માટે માઈક્રો અને સ્મોલ ઉદ્યોગો પાર્ટ બનાવશે. મેડ ઈન ઈન્ડિયા સિવિલ એરક્રાફ્ટનો રસ્તો પણ બનાવશે. ભારતે ૧૨૦૦ નવા એરક્રાફ્ટનો ઓર્ડર અલગ અલગ દેશોને આપ્યા છે.

## વડાપ્રધાન મોદી અને પેડ્રો સાંચેઝનો વડોદરામાં રોડ શો










મહાનુભાવોને આવકારવા આર્ટિસ્ટ એવી દિવ્યા ચિત્રો લઈ રોડ શોમાં ઉભી હતી અને બન્ને વડાપ્રધાન તેમને મળ્યા. ટાટા ફેક્ટરીનું ઉદઘાટન કરવા માટે વડોદરા પધારેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝને આવકારવા માટે યોજાયેલા રોડ શોમાં એક વિશેષ પ્રસંગ જોવા મળ્યો હતો. શહેરની એક દિવ્યાંગ વિદ્યાર્થિનીને મળવા માટે આ બન્ને મહાનુભાવો પોતાના કાફલાને રોકાવી નીચે ઉતર્યા હતા અને આ છાત્રાને મળ્યા હતા. પૂર્વોક્ત મુજબ એમએસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દિયા ગોસાઇ ઉત્તમ ચિત્ર કલાકાર છે. તે તેમના પરિજનો સાથે બન્ને વડાપ્રધાનશ્રીના જાતે દોરેલા ચિત્રોની ફ્રેમ સાથે માર્ગ ઉપર ગોઠવાઈ ગઈ હતી અને મહાનુભાવોના આગમનની આતૂરતા પૂર્વક રાહ જોતી જોવા મળી હતી. એવામાં રોડ શોનો કાફલો આ તરફથી પસાર થયો અને તેવામાં બન્ને વડાપ્રધાનની નજર આ છાત્રા પર ગઈ હતી. તેથી આ આખો કાફલો રોકી દેવામાં આવ્યો હતો. બન્ને મહાનુભાવો પોતાની ખુલ્લી જીપમાંથી નીચે ઉતર્યા હતા અને આ દિવ્યાંગ છાત્રાને



મળવા તેમની પાસે પહોંચી ગયા હતા. દિયાએ બન્ને વડાપ્રધાનને તેમના ચિત્રોની ફ્રેમ ભેટ આપી હતી. જેને બન્ને મહાનુભાવોએ સહર્ષ સ્વીકારી હતી અને દિયાને શુભકામના આપી હતી. આ વેળા સાંસદ ડો. હેમાંગભાઈ જોશી પણ સાથે રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ફરી ભાજપથી નારાજ થયા નીતિશ કુમાર !

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે NDAની બેઠક બોલાવી છે. બિહારમાં ચાર બેઠકો પર પેટા ચૂંટણી વચ્ચે નીતિશ કુમાર આ બેઠક બોલાવીને ભાજપને પોતાની નારાજગીના સ્પષ્ટ સંકેતો આપવા જઈ રહ્યા છે. તાજેતરમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા NDAની બેઠકો બોલાવાઈ હતી જેમાં નીતિશ ગેરહાજર રહ્યા હતા. હવે ખુદ નીતિશે જ બેઠક બોલાવીને આશ્ચર્ય સર્જ્યું છે. એવા અહેવાલો છે કે નીતિશ કુમાર ભાજપને ભીંસમાં લઈ શકે છે. અરરિયાના ભાજપના સાંસદ પ્રદીપસિંહ દ્વારા અપાયેલા નિવેદનથી નીતિશ કુમાર નારાજ છે.

### ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટ ૧ નવેમ્બરથી રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ૩ ટેસ્ટ મેચોની સીરિઝની ત્રીજી મેચ મુંબઈમાં ૧ નવેમ્બરથી રમાશે. કીવી ટીમ બેંગ્લુરુ અને પુણેમાં મેચ જીતીને સીરિઝને પહેલા જ પોતાના નામે કરી ચૂકી છે. હવે ભારતીય ટીમની નજર વાઈટવોશથી બચવા પર છે. ન્યૂઝીલેન્ડે ભારતની ૧૨ વર્ષની ઘરઆંગણાની ટેસ્ટ અજેયતાને તોડીને ઈતિહાસ રચ્યો છે. હવે તે રોહિત શર્માની ટીમનો વધુ એક રેકોર્ડ તોડવાનો પ્રયાસ કરશે.

### સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજયે મૌન તોડયું

## રાજકારણમાં એટલા માટે આવ્યો કે, તે લોકો માટે કંઈક કરી શકે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૮ ।

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર થલાપતિ વિજય પોતાની શાનદાર ફિલ્મો માટે જાણીતો છે. થલાપતિ વિજય ફિલ્મો સિવાય રાજકારણમાં પણ પોતાની તાકાત દેખાડવા માટે તૈયાર છે. આ વચ્ચે તેમણે પોતાની પહેલી રેલીમાં રાજકારણ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા પર ખુલાસો કર્યો છે. થલાપતિએ પોતાના ભાષણ દરમિયાન એ પણ કહ્યું કે, રાજકારણમાં એટલા માટે આવ્યો કે, તે લોકો માટે કાંઈ કરી શકે, અભિનેતાએ હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી દીધી છે. તેમણે પોતાનું કરિયર વિશે વાત કરતા ખુલાસો પણ કર્યો છે. વિજય ફિલ્મોમાંથી રાજકારણ તરફ



વળ્યો છે. તમિલ સુપરસ્ટારે આગળ કહ્યું કે, મે મારા કરિયર જ્યારે ઉંચાઈ પર હતુ ત્યારે અનેક ફિલ્મો છોડી દીધી છે. મે સેલેરી પણ છોડી દીધી છે. હું તમારા બધા પર ભરોસો કરી વિજય બનીને આવ્યો છું. વિજય ભારતમાં ફિલ્મો માટે સૌથી વધારે ચાર્જ લેનાર અભિનેતા છે. તમિલગા વેત્રી કઝગમ પાર્ટીના વડા થલાપતિ વિજયે રવિવારે પાર્ટીના પ્રથમ સંમેલનને સંબોધિત કર્યું હતું. તેમણે કહ્યું કે, તમિલનાડુમાં બદલાવની જરુરત છે. તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી રાજકારણમાં એન્ટ્રી કર્યા બાદ વિજયે અનેક ખુલાસા કર્યા છે. તેમણે કહ્યું સિનેમામાં કરિયરની શરુઆતમાં મને કહેવામાં આવ્યું હતુ કે, મારો ચેહરો સારો નથી. મારી પર્સનાલિટી સારી નથી, મારી સ્ટાઈલ સારી નથી. એવું પણ કહેવામાં આવ્યું હતુ કે, મારા વાળ અને ચાલવાની સ્ટાઈલ સારી નથી. તેમ છતાં મે હાર માની નહિ અને મારી અલગ ઓળખ બનાવી.

### નીતા અંબાણીએ જાહેરાત કરી

## ગુજરાતી બિલિયોનર એક લાખ મહિલા અને બાળકોને કરશે મદદ

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીએ બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે આવશ્યક સ્ક્રીનિંગ અને સારવારને પ્રાથમિકતા આપતી નવી આરોગ્ય સેવા યોજના શરૂ કરવાની જાહેરાત કરી છે. સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલની ૧૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે નવી આરોગ્ય સેવા યોજનાનો આરંભ કર્યો છે. આ યોજના અંતર્ગત ૫૦,૦૦૦ બાળકોમાં જન્મજાત હૃદયની બિમારીના નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવાર, ૫૦,૦૦૦ મહિલાઓમાં બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સરના નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવાર તેમજ ૧૦,૦૦૦ કિશોરીઓ માટે નિઃશુલ્ક સર્વાઈકલ કેન્સર રસીકરણના નીતા એમ. અંબાણીએ શપથ લીધા છે. નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, "છેલ્લા ૧૦ વર્ષથી સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ દરેક ભારતીય



માટે વિશ્વકક્ષાની આરોગ્ય સેવાને ઉપલબ્ધ તેમજ કિફાયતી બનાવી રહી છે. અમે સાથે મળીને લાખો જીવનને સ્પર્શ કર્યો છે તેમજ અગણિત પરિવારોમાં નવી આશા જન્માવી છે. આ સીમાચિહ્નની ઉજવણીની સાથે, અમે ગરીબ સમુદાયના બાળકો અને મહિલાઓ માટે નિઃશુલ્ક નવી આરોગ્ય સેવા યોજના શરુ કરી છે. અમારું માનવું છે કે, સારું આરોગ્ય એ સમૃદ્ધ રાષ્ટ્રનો પાયો છે, અને સ્વસ્થ મહિલાઓ તથા બાળકો ચેતનવંતા સમાજની આધારશિલા છે."

### કોઈ જવાબ ન આપી શક્યા વિદેશી મહેમાન

## પીયૂષ ગોયલે મેટ્રોમાં જ જર્મન વાઇસ ચાન્સેલરને તતડાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં પીયૂષ ગોયલ જર્મનીના વાઈસ ચાન્સેલર રોબર્ટ હેબેકને તતડાવતા જોવા મળે છે. બંને નેતાઓ વચ્ચેની ચર્ચા ચીન દ્વારા ભારતને જર્મન ટનલ બોરિંગ મશીનનું વેચાણ અટકાવવાના મુદ્દે ચાલી રહી છે. પીયૂષ ગોયલે જર્મનીના વાઈસ ચાન્સેલર સાથે દિલ્હી મેટ્રોમાં ચર્ચા કરતા સ્પષ્ટપણે કહ્યું કે, 'જો કોઈ સમસ્યા ઊભી થશે તો ભારત હવે જર્મની પાસેથી ખરીદી કરવાનું બંધ કરશે.' જર્મનીના આર્થિક બાબતોના ફેડરલ મંત્રી રોબર્ટ હેબેક સાતમી ભારત-જર્મની આંતરસરકારી વાટાઘાટોમાં ભાગ લેવા માટે દિલ્હીમાં છે. તેઓ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ સાથે દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી દ્વારકા સ્થિત યશોભૂમિ કન્વેન્શન સેન્ટર પહોંચ્યા. દિલ્હી મેટ્રોમાં જર્મનીના મંત્રી રોબર્ટ હેબાચ અને ભારતીય મંત્રી પીયૂષ ગોયલે ટનલ બોરિંગ મશીન ખરીદવા અંગે ચર્ચા છે. આ મુલાકાત દરમિયાન પીયૂષ ગોયલે રોબર્ટ હેબેકને જણાવ્યું હતું, ભારત હેરેનકનેક્ટ નામની જર્મન કંપની પાસેથી ટનલ બોરિંગ મશીનો ખરીદી રહ્યું છે.

### ઠગબાજો પણ લોકોને ખંખેરવા સક્રિય બન્યાં છે

## તહેવારોમાં ફેક મેસેજને લઈને ગૃહ મંત્રાલયે જારી કર્યું એલર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિવાળીના તહેવાર નજીકમાં છે અને ઠગબાજો પણ લોકોને ખંખેરવા સક્રિય બન્યાં છે. તહેવારોમાં ફેક મેસેજની પણ ભરમાર છે આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર એક્શન મોડમાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તહેવારોમાં ફેક મેસેજને લઈને એક એલર્ટ જાહેર કર્યું છે. વોટ્‌સએપ પર દિવાળી ગિફ્ટનો મેસેજ પણ કંગાળ કરી શકે છે અને તમારે લાખો રુપિયા ગુમાવાનો વારો આવી શકે છે. તહેવારોમાં ચેતવા જેવી એક મોટી ઘટના સામે આવી છે. બેંગ્લુરુમાં એન્જિનિયરની નોકરી કરતાં એક શખ્સને વોટ્‌સએપ પર દિવાળી ગિફ્ટનો મેસેજ આવ્યો હતો અને તેને ખોલવામાં તેના ૪.૫ લાખ રુપિયાનો ચૂનો લાગ્યો હતો. આ એન્જિનિયરને તેના વોટ્‌સએપ પર બોસને નામે મેસેજ આવ્યો હતો કે હું મીટિંગમાં બિઝી છું અને તમારા ફોન પર એક વાઉચર કોડ મોકલ્યો છે તે બધાને શેર કરી દેજો ભેટનો છે.

### કોંગ્રેસે વસ્તી ગણતરી પર ઊઠાવ્યા સવાલ

## સરકારે બે મુદ્દાઓ પર પહેલા સ્પષ્ટતા કરવી જોઈએ : કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં વસ્તી ગણતરી કરવા જઈ રહી છે. આ માટે સરકારે રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરના કાર્યકાળમાં વધારો કર્યો છે, જેના માટે જાહેરનામું પણ બહાર પડવામાં આવ્યું છે. હવે કોંગ્રેસે આ અંગે સવાલો ઊઠાવ્યા છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લોટફોર્મ 'X' પર લખ્યું કે, 'સરકારના નોટિફિકેશનથી સ્પષ્ટ છે કે ૨૦૨૧માં યોજાનારી વસ્તી ગણતરી, જે લાંબા સમયથી વિલંબિત છે, આખરે ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. વસ્તી ગણતરીના સર્વે પહેલા બે મહત્ત્વના મુદ્દાઓ પર હજુ પણ સ્પષ્ટતા નથી.'

વસ્તી ગણતરી પર સવાલો ઊઠાવતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે 'X' પર લખ્યું કે, 'અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ગણતરી સિવાય જે વર્ષ ૧૯૫૧થી દરેક વસ્તી ગણતરીમાં થઈ રહી છે, શું આ નવી વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો પણ સમાવેશ કરવામાં આવશે? ભારતના બંધારણ મુજબ આવી જાતિની વસ્તી ગણતરી કેન્દ્ર સરકારની જવાબદારી છે.'

## ન્યૂઝ બ્રિફ

### અંકલેશ્વરમાં યુવાન ચાલતી ટ્રેને ચઢવા જતાં પડી જતાં ડબ્બા અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયો

। (એજન્સી) અંકલેશ્વર, તા.૨૮ ।

અંકલેશ્વરમાં ચાલતી ટ્રેનમાં ચડતી વખતે એક યુવક ડબ્બો અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયો હતો. અંકલેશ્વર રેલવે સ્ટેશન પર ચાલતી ટ્રેનમાં ચડવાની કોશિશમાં એક યુવક ડબ્બો અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયો હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, બે દિવસ પહેલા અંકલેશ્વર રેલવે સ્ટેશન પાસેથી પસાર થતી જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કરતા યુવક ડબ્બો અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયો હતો. ટ્રેનના પાયલોટને આ અંગેની માહિતી મળતાં તેણે ટ્રેનને રોકી હતી, જ્યારે રેલવે પોલીસના જવાનો અને મુસાફરોએ દોડીને યુવકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. તપાસ બાદ જાણવા મળ્યું કે યુવક ભેરુરામ ગેહલોત છે, જે રેલવેમાં સિગ્નલ ટેકનિશિયન તરીકે કામ કરે છે. તેઓ મધ્યપ્રદેશના સામગઢમાં ફરજ બજાવે છે. યુવકને ઈજા થતાં તેને સારવાર માટે મોકલવામાં આવ્યો હતો. સદનસીબે યુવાનનો જીવ બચી ગયો હતો. હાલમાં તેને હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યો છે. આમ રેલ્વેનો કર્મચારી જ ટ્રેનની નીચે આવતા આવતા રહી ગયો હતો.

### સુરતમાં ભાઈલોકોની પાર્ટીમાં ત્રાટકી પોલીસ પાર્ટી

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતની પાલ પોલીસે ઓખા ભરવાડ વાસને અડીને આવેલા ખાનગી ફાર્મહાઉસમાં કેટલાક લોકો દારૂની મહેફિલ માણતા હોવાની બાતમી મળતા દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન, પોલીસને ખબર પડી કે સિદ્ધાર્થ સંપતમલ ચોપરાનો જન્મદિવસ તેના કેટલાક કુખ્યાત સહ-આરોપીઓ દ્વારા ઉજવવામાં આવી રહ્યો છે. પોલીસ તપાસ દરમિયાન દારૂની બોટલો પણ મળી આવી હતી. આ પાર્ટીમાં હાજર તમામ ૧૭ આરોપીઓ નશામાં હતા. પોલીસે તમામની ધરપકડ કરી છે. કેક પર હુક્કાકિંગ લખેલું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસમાં આરોપી સિદ્ધાર્થનો જન્મદિવસ હતો, તેથી તેણે પહેલાથી જ ગોવાથી દારૂ ખરીદ્યો હતો. આ ઉપરાંત હેતલ નામના આરોપી પાસે દારૂની પરમીટ હોવાથી પરમીટ સાથેની ૧૩ બિયરની બોટલો પણ મળી આવી હતી. આરોપીઓ હુક્કા અને દારૂની મહેફિલ માણી રહ્યા હતા. આરોપી સિદ્ધાર્થનો જન્મદિવસ હોવાથી હુક્કાના આકારની કેક પણ બનાવવામાં આવી હતી, જેના પર હુક્કાકિંગ લખેલું હતું. આ કેક પણ જાહેરમાં કાપવામાં આવી હતી. આ કેસમાં ડીસીપી રાકેશ બારોટે જણાવ્યું હતું કે, એક માહિતીના આધારે, પાલ પોલીસે ૪૩.૫૦ લાખ રૂપિયાની કિંમતની વિવિધ કંપનીઓના પાંચ ફોર વ્હીલર, બિયરની ૧૩ બોટલ, ૭ ખાલી બિયરની બોટલો અને વ્હિસ્કીની ૭ બોટલ અને ચાર જપ્ત કર્યા છે ખાલી બોટલો મળી આવી છે. ચાર હુક્કા પણ મળી આવ્યા છે. પોલીસે ૫૪.૨૯ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા ૧૭ આરોપીઓમાંથી ત્રણ આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેમાં ખાસ કરીને હેતલ પટેલની ચાર વર્ષ પહેલા દરભ પટેલ આત્મહત્યા કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તે જામીન પર બહાર છે અને અવારનવાર આવી વિવાદાસ્પદ ઘટનાઓમાં સંડોવાયેલો રહે છે. સાથે જ અનિલ રાય નામનો અન્ય એક આરોપી નવસારી-સુરતમાં જમીન દલાલ તરીકે કામ કરે છે. તેની સામે છેતરપિંડી, ગેરકાયદેસર જમીન સંપાદન અને ધાકધમકી આપવાની પાંચ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. જ્યારે થોડા દિવસ પહેલા જેનો જન્મ દિવસ હતો તેવા સિદ્ધાર્થ વિરુદ્ધ સુરત શહેરના અલથાણ પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી.

# દિવાળીમાં ખરીદીની જમાવટ, બજારોમાં રોનક જોવા મળી

## અમદાવાદ, સુરત સહિત ભાવનગરમાં હાલ બજારોમાં વિવિધ દુકાનોમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

દિવાળીના તહેવારને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અમદાવાદમાં છેલ્લી ઘડીની ખરીદી માટે લોકો બજારમાં ઉમટી પડ્યા છે. લાલ દરવાજા માર્કેટમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. કપડાં, ફટાકડા અને મીઠાઈના ભાવ વધતા ખરીદી પર જોવા મળી રહી છે.

દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છતાં જોઈએ તેવી ખરીદી નથી થઈ રહી. દરેક વસ્તુમાં ભાવ વધારાના કારણે ખરીદી પર અંકુશ લગાવવો પડ્યો હોવાનું ગ્રાહકો જણાવી રહ્યા છે. તો લોકો રહી રહીને હવે ખરીદી કરવા માટે ઉમટતા વેપારીઓને સારા નફાની આશા બંધાઈ છે.

સુરતમાં પણ દિવાળી પહેલાં ખરીદીનો માહોલ જામ્યો છે. ચૌટા બજારમાં ખરીદી માટે લોકોની ભીડ ઉમટી છે. રેડીમેડ ગારમેન્ટ, કિડ્સવેર, ઈમિટેશન જ્વેલરી માટે ચૌટા બજાર જાણીતું છે ત્યારે ગ્રાહકો ઉમટી પડતાં વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



રાજકોટની બજારોમાં દિવાળીની ભીડ જામી છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે બજારોમાં અંતિમ સમયની ખરીદી માટે લોકો ઉમટ્યા છે. શહેરમાં આવેલા ધર્મેન્દ્ર રોડ પર ખરીદી માટે લોકો પડાપડી કરતા જોવા મળ્યા. નવા કપડા, બૂટ-ચપ્પલ, રંગોળીના રંગો, ઘરમાં સુશોભન કરતી વસ્તુઓ સહિતની ખરીદારી માટે લોકો ઉમટી પડ્યા છે. ભીડભાડમાં કાયદો વ્યવસ્થા જળવાય અને લોકોની સુવિધા માટે બજારમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે.

દિવાસળીને આડે હેવ માત્ર ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાવનગરમાં હાલ બજારોમાં વિવિધ દુકાનોમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જો કે વેપારીનું કહેવું છે કે હજુ કેટલીક સંસ્થામાં પગાર ન થતા અને હીરા બજારમાં વેકેશન જાહેર થઈ ગયું છે. જેથી પગાર નહીં મળતા બજારમાં જોવે તેવી ગ્રાહકી નથી. તેવું વેપારીઓનું કહેવું છે.

શહેરના મુખ્ય માર્ગો જેવા કે વોરાબજાર, ઘોઘાગેટ, પીરછલ્લા શેરી સહિતના વિસ્તારોમાં હજુ જોઈએ તેવી તેજી જોવા મળતી નથી. ગ્રાહકોનું કહેવું છે કે મોંઘવારી અને બેરોજગારીના કારણે ખરીદી કરવી મુશ્કેલી રૂપ બની છે જો કે વેપારીઓને છેલ્લા દિવસોમાં ગ્રાહકી નીકળશે તેવી આશા છે.

## પરપ્રાંતીય યુવકે વૃદ્ધની હત્યા કરી મૃતદેહ દુકાનમાં સંતાડી દીધો

### અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે ગુનાખોરી અને તેમાં પણ ખાસ કરીને હત્યાના ગુનાઓ વધી રહ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે ગુનાખોરી અને તેમાં પણ ખાસ કરીને હત્યાના ગુનાઓ વધી રહ્યા છે. શહેરના કાગડાપીઠમાં હત્યાનો એક એવો બનાવ બન્યો છે કે જેના વિશે જાણીને સૌકોઈના રૂંવાડા ઉભા થઈ જાય. આ ઘટનામાં પરપ્રાંતીય યુવકે વૃદ્ધની હત્યા કરી મૃતદેહ દુકાનમાં સંતાડી દીધો હતો.અમદાવાદના કાગડાપીઠ વિસ્તારમાં જુના ઢોરબજાર કાંકરિયા રોડ પાસે રહેતા હિતેશ શાહ લોન્ડ્રીનું કામકાજ કરે છે. મ્યુનિસિપલ શોપિંગ સેન્ટરમાં આવેલી તેમની લોન્ડ્રીની દુકાનમાં કામકાજ માટે છ મહિના પહેલા દિનેશ કનોજીયા નામના ઉત્તર પ્રદેશના યુવકને રાખ્યો હતો. યુવક દિવસ દરમિયાન ઈસ્ત્રીકામ કરતો અને સાંજે દુકાનમાલિકના ઘરની બાજુમાં આવેલી અન્ય દુકાનમાં સુઈ જતો હતો. ઉપરાંત દુકાન માલિકના ઘરે જ જમતો હતો. ગત ૨૩ ઓક્ટોમ્બરથી ૨ દિવસ ફરિયાદીનું કામ મૂકી બીજી જગ્યા કામ માટે જતો રહ્યો હતો. ત્યારે માલિક તેને પરત લઈને આવ્યા હતા.બે દિવસથી દુકાન માલિકના ઘરની બહાર એક ઓટોરિક્ષા ઉભેલી જોઈને કારીગર દિનેશને પૂછતા તેણે જણાવ્યું હતું કે રવિભાઈ વાઘેલા તેમની રીક્ષા અહીં મૂકીને જતા રહ્યા છે અને પછી આવીને લઈ જશે. ત્યારબાદ દુકાન માલિકને કંઈક મરી ગયું હોવાની દુર્ગંધ આવતી હતી. દુકાન માલિકે આસપાસમાં તપાસ કરી પરંતુ ક્યાંય કશું જ મળી આવ્યું નહી દુકાન માલિક જયારે પણ પોતાની દુકાનની આસપાસ આવે ત્યારે તીવ્ર દુર્ગંધ આવવા લાગતી હતી.બીજી તરફ કારીગર પણ બે દિવસથી માલિકના ઘરમાં જ સુઈ જતો હતો. જેથી શંકા જતા દુકાન માલિકે પોતાની દુકાન ખોલાવી અને પોલીસને જાણ કરીને તપાસ કરાવતા કાગડાપીઠ પોલીસે તપાસ કરી. પોલીસે તપાસ કરતા હકીકત સામે આવી કે ઈસ્ત્રી કરવાની જગ્યાની બિલકુલ નીચે પથ્થરની નીચે વૃદ્ધનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે વધુ તપાસ કરતા વૃદ્ધના શરીરના ગુપ્ત ભાગો પર તીક્ષણ હથિયારથી ઈજા કરવામાં આવી હોવાના નિશાન પણ મળી આવ્યા હતા.

## ભારતની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ અંતર્ગત બીજા તબક્કાના પ્રૂફ ઓફ કોન્સેપ્ટ કાર્યક્રમનું ગુજરાત સાયન્સ સિટી ખાતે સમાપન

। અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટના સહયોગથી ૨૫ ઓક્ટોબરથી ૨૭ ઓક્ટોબર દરમિયાન રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ અંતર્ગત બીજા તબક્કાના પ્રૂફ ઓફ કોન્સેપ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી જુદી જુદી ૫૬ સંસ્થાઓના ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકની ૧૬૯ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી તથા જુદા જુદા શહેરોમાં સ્થિત **IIT** અને **NIT** જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. દરેક ટીમોએ તેમણે જાતે બનાવેલા રોબોટ્સ પ્રદર્શિત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે વિજ્ઞાન, ટેક્નોલોજી , એન્જિનિયરિંગ અને મેથ્સના વિષયમાં યુવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ મહત્વના રોબોફેસ્ટ ગુજરાત ૪.૦નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને ૫ કરોડ રૂપિયાના પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ વર્ષે રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી ૧૨૮૪ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી પ્રૂફ ઓફ કોન્સ્ટેપ્ટ માટે ૧૬૯ ટીમોની પસંદગી કરવામાં આવી હતી. જે દરેક ટીમને તેમના રોબોટ્સના નિર્માણ માટે ૫૦ હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. અને દરેક ટીમ તેમના રોબોટ્સ લઈને પ્રૂફ ઓફ કોન્સેપ્ટ માટે ગુજરાત સાયન્સ સિટી આવી પહોંચી હતી અને જુદા જુદા પ્રકારના રોબોટ્સ પ્રદર્શિત કર્યા હતા.



સહભાગી થયેલી ટીમો પૈકી ૧૨ ટીમોએ સિક્રોનાઈઝ્ડ સ્વાર્મ ડ્રોન રોબોટ્સ ,૨૮ ટીમોએ સબમરીન અને અન્ડર વોટર રોબોટ્સ, ૨૭ ટીમોએ રોવર રોબોટ્સ જ્યારે અન્ય ટીમોએ મેઝ સોલ્વિંગ રોબોટ, હેક્સાપોડ રોબોટ્સ, ટૂ વ્હીલ બેલેન્સિંગ રોબોટ્સ, એપ્લિકેશન્સ બેઝ્ડ રોબોટ્સ, એગ્રીકલ્ચર ડ્રોન, વોલ ક્લાઈમ્બિંગ એન્ડ ક્લિનિંગ રોબોટ્સ અને વર્સેટાઈલ ડ્રોનનું પ્રદર્શન કર્યું હતું.

## રાજકોટમાં દીવાલ ધરાશાઈ થતા માતા-પુત્રનું મોત થયું

। (એજન્સી) રાજકોટ, તા.૨૮ ।

રાજકોટ શહેરમાં આજીડેમ ચોકડી નજીક દીવાલ ધસી પડતાં માતા-પુત્રના મોત થયા છે. સુરભી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં દીવાલના ટેકે શ્રમિક મહિલા તેના એક વર્ષના પુત્રને સ્તનપાન કરાવતી હતી. આ દરમિયાન અચાનક દીવાલ સાથે ટ્રેક્ટર અથડાતા દીવાલ ધસી પડી માતા-પુત્ર પર પડી હતી. જેની નીચે દટાઈ જતા બંનેના મોત નિપજ્યા હતા. આ મામલે પોલીસે કોન્ટ્રાકટર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, આજીડેમ ચોકડી નજીક સુરભી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનામાં કામ ચાલી રહ્યું હતું. એક ટ્રેક્ટર ચાલક સાઈટ પર કપચી ખસેડતો હતો તે સમયે ટ્રેક્ટરથી દીવાલને ધક્કો વાગતા આ દુર્ઘટના બની હતી. દીવાલ માથે પડતા સીમાબેન (ઉં.વ. ૨૧) અને તેના એક વર્ષના પુત્ર સાર્થકનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. ગુજરાતમાં મજૂરી કરવા માટે આ પરિવાર ત્રણ મહિના પહેલા જ મધ્ય પ્રદેશથી આવ્યો હતો.

### ૨૪૬ શેલ કંપની કરી ઊભી હતી

## ૮૦૦૦ કરોડના GST કૌભાંડનો માસ્ટરમાઇન્ડ સુરતથી ઝડપાયો

### એક ઓટો ડ્રાઈવરના નામે નોંધાયેલી બંનાવટી કંપનીની તપાસનો રેલો મુંબઈ, રાજકોટ અને ભાવનગર પણ પહોંચ્યો છે

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

પુણેમાં જીએસટી વિભાગની તપાસમાં ૨૪૬ શેલ કંપનીઓ ઊભી કરી ખોટી રીતે ઈનપૂટ ટેક્સ ક્રેડિટ લેવાનું ૮૦૦૦ કરોડ રૂપિયાનું જીએસટી કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. એક ઓટો ડ્રાઈવરના નામે નોંધાયેલી બંનાવટી કંપનીની તપાસનો રેલો મુંબઈ, રાજકોટ અને ભાવનગર પણ પહોંચ્યો છે. તેના માસ્ટર માઈન્ડ તરીકે સુરતમાં રહેતા અશરફ ઈબ્રાહિમ કાલાવડિયાની અગાઉ જ ધરપકડ થઈ ચૂકી છે. હવે આ કૌભાંડમાં **GST** ઈન્ટેલિજન્સની ટીમે ઔપચારિક ફરિયાદ દાખલ કરી છે.

સુરતમાં રહેતા અશરફ ઈબ્રાહિમ કાલાવડિયાએ ૨૪૬ બનાવટી કંપનીઓ ખોલી અન્ય આરોપીઓ સાથે મળી અધધધ ૮ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું. આ બાબતે ડીજીજીઆઈ પૂણે ઝોનલ યુનિટના અધિકારી રુષિ પ્રકાશે પૂણેના કોરેગાવ પાર્ક પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે એફઆઈઆર નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ સમગ્ર કૌભાંડના મુખ્ય આરોપી અશરફભાઈ કાલાવડિયા સહિત પોલીસે નીતિન બારગે, ફૈઝલ મેવાલાલ, નિઝામુદીન ખાન, અમિત તેજબહાદુર સિંહા, રાહુલ બારૈયા, કૌશિક મકવાણા, જીતેન્દ્ર ગોહેલ અને અન્યો સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૫,૪૬૭, ૪૭૧,૧૨૦ (બી) ૩૪ અને આઈટી એકટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.આ બાબતે નોંધાયેલ એફઆઈઆર અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩માં ડીજીજીઆઈની ટીમને પૂણે-સોલાપુર હાઈવે પર ગિરણી- શેવાળવાડી સ્થિત પઠાણ એન્ટરપ્રાઈઝીસ નામની કંપનીના અમૂક શંકાસ્પદ ટ્રાન્ઝેકશન મળી આવ્યા હતા.

આ બાબતની તપાસમાં ડીજીજીઆઈના અધિકારીઓને જાણવા મળ્યું હતું કે, આ પ્રકારની કોઈ કંપની ઉપર જણાવેલ સ્થળ પર અથવા અન્ય કોઈ સ્થળે અસ્તિત્વમાં જ નથી.આ બાબતે વધુ તપાસ કરતા એવું બહાર આવ્યું હતું કે આ પ્રકારની એક કંપની ગુજરાતના ભાવનગરમાં પઠાણ શબ્બીરખાન અનવર ખાનના નામે નોંધાયેલી છે જ્યારે ડીજીજીઆઈની ટીમે આ બાબતે વધુ તપાસ કરી ત્યારે ખાન પણ ઓટોરિક્ષા ચાલક હોવાનું બહાર આવ્યું હતું. ખાનની આ બાબતે વધુ પૂછપરછ કરતાં તેને ખૂબ જ આશ્ચર્ય થયું હતું અને તેણે તેના નામે આવી કોઈ કંપની રજિસ્ટર ન હોવાનું જણાવ્યું હતું અને આ બાબતે સંપૂર્ણ અજ્ઞાનતા દર્શાવી હતી.

આ વાતથી ચોંકી ઉઠેલા ડીજીજીઆઈના અધિકારીઓએ પઠાણ એન્ટરપ્રાઈઝીસ સહિત આ તમામ બનાવટી કંપનીઓ રજિસ્ટર કરવા વપરાયેલ એક વિશિષ્ટ મોબાઈલ નંબર અને ઈ-મેલ એડ્રેસની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન તપાસ કર્તા ટીમના સ્કેનર રાજકોટમાં આઈસીઆઈસીઆઈ બેન્કમાં ખાતુ ધરાવતી જીત કુકડિયા નામની વ્યક્તિ આવી ગઈ હતી. જો કે અહીં વધુ તપાસ કરતા કુકડિયા ખાનગી સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતો હોવાનું સ્પષ્ટ થયું હતું. પણ કુકડિયાએ આરોપી કૌશિક મકવાણા અને જીતેન્દ્ર ગોહેલ માટે ખાતુ ખોલી આવ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું.

### બાળકી પર દુષ્કર્મનો કીસ્સો સામે આવ્યો

## સુરતમાં પાંચ બાળકોના પિતાનું ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ

### પોલીસે આધેડ સામે બળાત્કાર અને અપહરણનો ગુનો નોંધી મામલામાં વધુ તપાસ હાથ ધરી છે

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતના પાંડેસરામાં બાળકી પર દુષ્કર્મ કરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. બાળકીની માતા સાથે પાંડેસરા રામજી મંદિરે ગયો હતો. માતા તેને ઘરે મૂકવા ગઈ ત્યારે બાળકી મંદિરમાં એકલી હતી. આરોપી નરાધમે ૪૬ વર્ષની બાળકીનું અપહરણ કર્યું હતું જ્યારે તે મંદિરમાં સૂતી હતી. ઘટના અંગે માતાએ તાત્કાલિક પાંડેસરા પોલીસને જાણ કરી હતી. પોલીસે આરોપી યુપી નિવાસી મનોહરની ધરપકડ કરી છે. સુરતના પાંડેસરામાં આવેલા લક્ષ્મીનગરમાં આવેલા રામજી મંદિરમાં ગઈકાલે રાત્રે હનુમાન ચાલીસા સાંભળવા ગયેલી બિહારી પરિવારની મહિલાએ તેના પુત્રને રડતો જોઈને પાછી ફરી હતી. દરમિયાન એક અજાણ્યો આધેડ તેની ત્રણ વર્ષની પુત્રીને લઈને ભાગી ગયો હતો. ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચેલી પાંડેસરા પોલીસ અને ક્રાઈમ બ્રાંચના અધિકારીઓની ભારે જહેમત બાદ યુવતી સાથે આધેડ પણ ગણતરીના સમયમાં જ ઝડપાઈ ગયો હતો. બાદમાં જ્યારે આધેડની વધુ પૂછપરછ કરવામાં આવી તો તેણે જણાવ્યું કે તેણે યુવતીના પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કર્યો હતો. પોલીસે આધેડ સામે બળાત્કાર અને અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એસ.ટી. આપના દ્વારે અંતર્ગત ગ્રુપ બુકિંગ કરાવનાર મુસાફરોની મુલાકાત કરી સલામત મુસાફરીની શુભેચ્છાઓ પાઠવતા વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-સુરત વિભાગ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીનું પર્વની ઉજવણી માદરે વતન પોતાના પરિવાર સાથે હર્ષોલ્લાસ સાથે કરી શકે એવા શુભ આશયથી સુરતમાં વસતા સૌરાષ્ટ્ર, પંચમહાલ, ઉત્તર ગુજરાતના મુસાફરો માટે સુરતથી આગામી તા.૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમ્યાન એક્સ્ટ્રા ૨૨૦૦ જેટલી એસ.ટી.બસો મૂકવામાં આવી છે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને 'એસ. ટી. આપના દ્વારે' યોજના હેઠળ તેમની સોસાયટીથી વતન સુધી પહોચાડવામાં આવી રહ્યા છે, ત્યારે 'એસ.ટી. આપના દ્વારે' અંતર્ગત માદરે વતન જઈ રહેલા કતારગામના મુસાફરોની આંબા તલાવડી પાસે નિરૂ ફાર્મ તેમજ ધારૂકા કોલેજ ગ્રાઉન્ડ ખાતે વાહન વ્યવહાર, ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે મુલાકાત કરી હતી અને આત્મીય સંવાદ કરી તેમને સલામત મુસાફરીની શુભેચ્છાઓ પાઠવી હતી. સુરત એસ.ટી.ના વિભાગીય નિયામકશ્રી પી.વી. ગુર્જરે મંત્રીશ્રીઓને બસ સેવાને મળી રહેલા વ્યાપક સહકાર અંગે માહિતગાર કર્યા હતા.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## પાકિસ્તાન ક્રિકેટ ટીમના કોચ ગેરી કર્સ્ટને આપ્યું રાજીનામું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડમાં છેલ્લા કેટલાય સમયથી ઉતારચઢાવ જોવા મળી રહ્યા છે. તાજેતરમાં બોર્ડે વ્હાઈટ બોલ ક્રિકેટ ટીમના કેપ્ટન બાબર આઝમને બરતરફ કરી દીધો હતો. બાબરની જગ્યાએ વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાનને ટીમનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. હવે ટીમના વ્હાઈટ બોલ કોચ ગેરી કર્સ્ટનના રાજીનામાના સમાચાર સામે આવ્યા છે. ઈએસપીએન ક્રિકઈન્ફોના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનના વ્હાઈટ બોલ ક્રિકેટના કોચ ગેરી કર્સ્ટને રાજીનામું આપી દીધું છે. રિપોર્ટમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ટૂંક સમયમાં જ ગેરીના રાજીનામાના સમાચાર સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. ગેરી કર્સ્ટનને પાકિસ્તાનની ટીમના કોચ તરીકે બે વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ તેમનો કાર્યકાળ ભાગ્યે જ લગભગ ૬ મહિના સુધી ચાલ્યો હતો. એપ્રિલ ૨૦૨૪માં ગેરી કર્સ્ટનને પાકિસ્તાન ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનના નવા પસંદ કરેલા કોચ ગેરી કર્સ્ટન અને જેસન ગિલેસ્પી અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ વચ્ચે તણાવ વધ્યો હતો. બોર્ડે તેમની પાસેથી ટીમની પસંદગીનો અધિકાર છીનવી લીધો હતો. આ સત્તા એક વિશેષ પસંદગી સમિતિ પાસે હતી.

## ભારત પછી શ્રીલંકા બન્યું અફઘાનિસ્તાનનો શિકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

અફઘાનિસ્તાને ACC ઈમર્જિંગ ટીમ્સ એશિયા કપ ૨૦૨૪નું ટાઈટલ જીત્યું છે. અફઘાનિસ્તાને ફાઈનલમાં શ્રીલંકાને ૭ વિકેટે હરાવ્યું હતું. આ પહેલા અફઘાનિસ્તાને સેમિફાઈનલમાં ભારતને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. હવે અફઘાનિસ્તાને ફાઈનલમાં શ્રીલંકાને હરાવીને પ્રથમ વખત ટાઈટલ જીત્યું છે. અફઘાનિસ્તાનને જીતવા માટે ૧૩૪ રનનો ટાર્ગેટ હતો. અફઘાનિસ્તાનની ટીમે ૧૮.૧ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. અફઘાનિસ્તાન તરફથી ઓપનર સેદીકુલ્લાહ અટલે સૌથી વધુ ૫૫ બોલમાં અણનમ ૫૫ રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં ૩ ફોર અને ૧ સિક્સર ફટકારી હતી. જ્યારે કરીમ જન્નતે ૨૭ બોલમાં ૩૩ રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં ૩ સિક્સર ફટકારી હતી. ડરવિશ રસૂલીએ ૨૦ બોલમાં ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. જ્યારે મોહમ્મદ ઈશાક ૬ બોલમાં ૧૬ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. જો કે આ પહેલા અફઘાનિસ્તાનની શરૂઆત સારી રહી ન હતી. અફઘાનનો ઓપનર ઝુબેદ અકબરી ઓપનિંગ કર્યા વિના જ પેવેલિયન પરત ફર્યો હતો.

### ઝારખંડમાં ચૂંટણી પહેલા જ કોંગ્રેસને મોટો ઝટકો

# ઝારખંડના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ માનસ સિન્હાએ કેસરિયો કર્યો ધારણ

### ઝારખંડના પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સિંહાને પાર્ટીની સદસ્યતા અપાવી : ઝારખંડમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે

। (એજન્સી) રાંચી, તા.૨૮ ।

ઝારખંડમાં ચૂંટણી પહેલા જ કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ માનસ સિન્હા પાર્ટીમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપના ઝારખંડના પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સિંહાને પાર્ટીની સદસ્યતા અપાવી છે. કોંગ્રેસ તરફથી સિન્હાએ ભવનાથપુર વિધાનસભા બેઠક પર દાવો કર્યો હતો. પરંતુ કોંગ્રેસે તેમના પર ધ્યાન ન આપ્યું. તેના બદલે ઝારખંડ મુક્તિ




મોરચાના ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. જેના કારણે ભવનાથપુરના કોંગ્રેસના કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં હવે માનસ સિન્હા ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. ભાજપ માં સમેલ થતાં પહેલા માનસ સિન્હાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખને પત્ર લખીને પાર્ટીની સદસ્યતા છોડવાની માહિતી આપી હતી. માનસ સિન્હાએ પોતાના પત્રમાં લખ્યું છે કે, 'મેં મારા અમૂલ્ય ૨૭ વર્ષ પાર્ટીને આપ્યા છે. પાર્ટીએ મને જે જવાબદારી આપી તે મેં ઈમાનદારીથી નિભાવી છે. મેં દરેક વખતે સારું પરિણામ આપવાનો પ્રયાસ કર્યો અને મેં મારી જાતને સાબિત પણ કરી છે. પરંતુ મને લાગે છે કે, મારા કામની અહીં કોઈ કિંમત નથી.

### મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે મતદાન થશે

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે વધુ ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી

### મુર્તિજાપુરથી હરીશ મારોતીઅપ્પા પિંપલે, કરંજથી સાઈ પ્રકાશ ડહાકે, ટીઓસાથી રાજેશ શ્રીરામ વાનખેડે અને મોરશીથી ઉમેશને મેદાનમાં

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે આજે વધુ ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. ભાજપે મુર્તિજાપુરથી હરીશ મારોતીઅપ્પા પિંપલે, કરંજથી સાઈ પ્રકાશ ડહાકે, ટીઓસાથી રાજેશ શ્રીરામ વાનખેડે અને મોરશીથી ઉમેશને મેદાનમાં ઉતાર્યા છે. આષ્ટી બેઠક ભાજપના ફાળે આવી છે. ભાજપે અહીંથી સુરેશ ધસને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠક પરથી અજિત પવાર જૂથના ધારાસભ્ય



છે. જ્યારે, પાર્ટીએ આર્વી વિધાનસભા બેઠક પરથી સુમિત કિશોર વાનખડે, કાટોલથી ચરણ સિંહ બાબુલાલજી ઠાકુર, સાવનેરથી આશિષ રણજીત દેશમુખ, નાગપુર મધ્યથી પ્રવીણ પ્રભાકરાવ દટકે, નાગપુર પશ્ચિમથી સુધાકર વિઠ્ઠલરાવ કોહલેને ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપે અત્યાર સુધી ૧૪૬ બેઠકો પર ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે જાહેર કરેલી પ્રથમ યાદીમાં ૯૯ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા હતા. આ પછી ૨૨ ઉમેદવારોની બીજી યાદી બહાર પાડવામાં આવી હતી અને હવે આજે વધુ ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. પ્રકાશ મહેતાને ઘાટકોપર બેઠક પરથી ટિકિટ મળી નથી. તેમની જગ્યાએ ભાજપે પરાગ શાહને ઉમેદવાર બનાવ્યા છે.



ICGએ ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલ ૬૦%થી વધુ સ્વદેશી સામગ્રી સાથે બે ઝડપી પેટ્રોલ વેસલ્સ 'અદમ્ય અને અક્ષર' લોન્ચ કર્યા.

### વરલી સીટ પર રોમાંચક બન્યો મુકાબલો

# મિલિન્દ દેવડાનો મુકાબલો આદિત્ય ઠાકરે સામે હશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનો જંગ રસપ્રદ બન્યો છે. એકનાથ શિંદેની શિવસેનાએ ઉમેદવારોની એક યાદી બહાર પાડી છે. જેમાં ૨૦ ઉમેદવારોના નામની જાહેરાત કરાઈ છે. પાર્ટીએ સંજય નિરૂપમ અને મિલિન્દ દેવડાની સીટની જાહેરાત કરી દીધી છે. સંજય નિરુપમને ડિંડોશી સીટથી મેદાને ઉતાર્યા છે જ્યારે એકનાથ શિંદેએ વરલી સીટથી મિલિન્દ દેવડાને ટિકિટ આપી છે. મિલિન્દ દેવડાનો મુકાબલો પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પુત્ર અને શિવસેના (યુબીટી) ઉમેદવાર આદિત્ય ઠાકરે સામે હશે. આ મુંબઈની હાઈપ્રોફાઈલ સીટોમાંથી એક છે જેને લઈને મહાયુતિ ગઠબંધનમાં ખુબ મથામણ ચાલી હતી. વરલી સીટ ભાજપ પોતાના ફાળે લેવા માંગતું હતું પરંતુ અંતે સમજૂતિ થઈ કે શિંદે જૂથ પાસે રહેશે. સીએમ શિંદેએ આ સીટ પર તમામ મોટા નેતાઓ સાથે વાત કરી અને આખરે આદિત્ય ઠાકરે વિરુદ્ધ રાજ્યસભા સાંસદ મિલિન્દ દેવડાને ઉતારવાનું નક્કી કરાયું.

### વર્ષ ૨૦૨૫થી શરૂ થશે વસ્તી ગણતરી

# વસ્તી ગણતરી બાદ લોકસભા બેઠકનું સીમાંકન પણ શરૂ થશે

### ભારતમાં પ્રથમ વસ્તીગણતરી વર્ષ ૧૮૭૨માં હાથ ધરાઈમાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

વસ્તી ગણતરીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આવતા વર્ષથી વસ્તી ગણતરી શરૂ થશે. વસ્તી ગણતરી વર્ષ ૨૦૨૫થી શરૂ થશે અને ૨૦૨૬ સુધી ચાલશે. નોંધનીય છે કે, વસ્તી ગણતરી ૨૦૨૧માં થવાની હતી, પરંતુ કોરોના મહામારીને કારણે તેને મોકૂફ રાખવી પડી હતી. હવે વસ્તી ગણતરીનું ચક્ર પણ બદલાશે. મળતા અહેવાલો અનુસાર, આગામી વસ્તી ગણતરી, જે દર ૧૦ વર્ષે હાથ ધરવામાં આવે છે, તે હવે ૨૦૩૫ માં થશે. અત્યાર સુધી વર્ષ ૧૯૯૧, ૨૦01, ૨૦૧૧ની જેમ દાયકાની શરૂઆતમાં દર દસ વર્ષે વસ્તી ગણતરી હાથ ધરવામાં આવતી હતી. પરંતુ હવે ૨૦૨૫ પછી આગામી વસ્તી ગણતરી ૨૦૩૫, ૨૦૪૫, ૨૦૫૫માં થશે. વસ્તી ગણતરી પૂર્ણ થયા બાદ લોકસભા બેઠકનું સીમાંકન શરૂ થશે. સીમાંકનની પ્રક્રિયા વર્ષ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. ઘણાં વિરોધ પક્ષો તરફથી જાતિ ગણતરીની માંગ કરવામાં આવી રહી છે, પરંતુ સરકારે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લીધો નથી.

વસ્તી ગણતરીમાં ધર્મ અને વર્ગ પૂછવામાં આવે છે. સામાન્ય, અનુસૂચિત જાતિ અને જનજાતિ ગણાય છે. આ વખતે લોકોને એ પણ પૂછી શકાય છે કે તેઓ કયા સંપ્રદાયના અનુયાયી છે.

### LPGથી માંડી ક્રેડિટ કાર્ડ સુધી નિયમો બદલાશે

# પહેલી નવેમ્બરથી બદલાશે ૬ નિયમ, દરેકના ખિસ્સા ઉપર અસર થઈ શકે!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ઑક્ટોબર મહિનો પૂરો થઈ રહ્યો છે ત્યારે નવેમ્બરના પ્રથમ દિવસથી અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે. જેમાં એલપીજી સિલિન્ડરની કિંમતોમાં સંભવિત ફેરફારો અને ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. જાણીએ કે નવેમ્બરમાં કયા ફેરફારો થશે. દર મહિનાની પહેલી તારીખે પેટ્રોલિયમ કંપનીઓ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર કરે છે. ૧ નવેમ્બરના રોજ પણ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર થવાની સંભાવના છે, ખાસ કરીને ૧૪ કિલોના ઘરેલુ સિલિન્ડર




માટે, જેની કિંમત લાંબા સમયથી સ્થિર છે. તેમજ તાજેતરના મહિનાઓમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો સતત વધી રહી છે. આ સાથે, એર ટર્બાઈન ફ્યુઅલ (ATF) અને CNG-PNGના ભાવ પણ બદલાઈ શકે છે. છેલ્લા કેટલાક મહિનામાં હવાઈ ઈંધણના ભાવમાં ઘટાડો થયો છે અને આ વખતે પણ ઘટાડો થવાની ધારણા છે. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા (SBI) એ ૧ નવેમ્બરથી તેના ક્રેડિટ કાર્ડ્સ પર નવી ફી લાગુ કરવાની જાહેરાત કરી છે. તે પ્રમાણે અનસિક્યોર્ડ SBI ક્રેડિટ કાર્ડ્સ પર દર મહિને ૩.૭૫% ફાઈનાન્સ ચાર્જ અને વીજળી, પાણી અને ગેસ જેવી ઉપયોગિતા સેવાઓ માટે રૂ. ૫૦,૦૦૦ થી વધુની ચુકવણી પર ૧% વધારાનો ચાર્જ લાગશે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ મ્યુચ્યુઅલ ફંડમાં ઈનસાઈડર ટ્રેડિંગના નિયમો કડક બનાવ્યા છે. નવા નિયમો હેઠળ, એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ નોમિનીના ૧૫ લાખ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શનની જાણ અધિકારીને કરવી પડશે.

### પપ્પુ યાદવે ડીજીપી પાસે માંગી સુરક્ષા

# લોરેન્સ ગેંગ દ્વારા દિગ્ગજ સાંસદને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ

### પપ્પુ યાદવને મળેલી ધમકીનો ઓડિયો વાયરલ થયો

। (એજન્સી) પટણા, તા.૨૮ ।

બિહારમાં પૂર્ણિયાથી અપક્ષ સાંસદ પપ્પુ યાદવને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. પપ્પુ યાદવને મળેલી ધમકીનો ઓડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ ઓડિયોમાં ધમકી આપનાર વ્યક્તિ કહી રહ્યો છે કે, તે 'રેસ્ટ ઈન પીસ કરી દઈશું.' આ સાથે જ ધમકી આપનારે પપ્પુ યાદવને એમ પણ કહ્યું કે, કે કેટલાક અખબારો દ્વારા જાણકારી મળી છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં સાંસદ પપ્પુ યાદવે લોરેન્સ બિશ્નોઈ વિશે ઉલ્ટા-સીધા નિવેદનો આપ્યા હતા. ધમકી આપનારે આગળ કહ્યું કે, હું પપ્પુ યાદવને સ્પષ્ટ કહેવા માગું છું કે તારી 'ઓકાત'માં રહીને ચુપચાપ રાજકારણ કરવા પર ધ્યાન આપે. વધારે બીજી બાબતોમાં પડી ટીઆરપી કમાવાના ચક્કરમાં ન પડે, નહીંતર રેસ્ટ ઈન પીસ કરી દઈશું. પપ્પુ યાદવની ધમકીની ઓડિયો ક્લિપ હવે વાયુ વેગે વાયરલ થઈ રહી




છે. ધમકી મળ્યા બાદ પપ્પુ યાદવે ડીજીપી પાસે ઝેડ કેટેગરીની સુરક્ષાની માગ પણ કરી છે. તમને જણાવી દઈએ કે, એક્ટર સલમાન ખાનને ધમકી મળ્યા બાદ પપ્પુ યાદવે લોરેન્સ બિશ્નોઈ ગેંગને લઈને મીડિયા સામે નિવેદન આપ્યું હતું. એટલું જ નહીં તેઓ સલમાન ખાનને મળવા મુંબઈ પણ ગયા હતા. જોકે, સલમાન ખાન સાથે તેમની મુલાકાત નહોતી થઈ શકી. પરંતુ તેમના દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે, મારી સલમાન ખાન સાથે ફોન પર લાંબી વાતચીત થઈ છે. મુંબઈની મુલાકાત દરમિયાન પપ્પુ યાદવ બાબા સિદ્દીકીના ઘરે પણ ગયા હતા બાબા સિદ્દીકીની હત્યા પર શોક વ્યક્ત કર્યો હતો. હવે ધમકી મળ્યા બાદ પપ્પુ યાદવે ગૃહમંત્રીને પત્ર લખીને પોતાની સુરક્ષા વધારવાની માગ કરી છે.

# કથાવાચક જયા કિશોરી સોશિયલ મીડિયામાં થયા ટ્રોલ

। (એજન્સી) કોલકાતા, તા.૨૮ ।

આધ્યાત્મિક ઉપદેશક અને કથાવાચક જયા કિશોરી તેમના અનુયાયીઓને મોહ-માયાથી દૂર રહીને સાદું જીવન જીવવાની સલાહ આપે છે. પરંતુ તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે કથાકાર ૨ લાખથી વધુની કિંમતની બેગ વાપરે છે.





૨૯ વર્ષીય કથાવાચક જયા કિશોરી તેમની કસ્ટમાઈઝ્ડ બેગ સાથે એરપોર્ટ પર દેખાયા હતા. જે બાદ તે ટ્રોલના નિશાના પર આવ્યા છે. બેગની બ્રાન્ડ પ્રમાણે વેબસાઈટ પર સર્ચ કરવાથી જાણવા મળે છે કે વીડિયોમાં દેખાતી ટોટબેગ ગાયના ચામડામાંથી બનેલી છે. તેમજ તેની કિંમત પણ ૨ લાખ રૂપિયાથી વધુ છે. આ વીડિયોને શેર કરતી વખતે યુઝરે લખ્યું કે, 'આધ્યાત્મિક કથાવાચક જયા કિશોરીએ કે જેઓ સાદગીપ ૂર્ણ જીવનનો ઉપદેશ આપે છે તેમણે તેનો એક વીડિયો ડિલીટ કરી દીધો છે, જેમાં તેઓ રૂ.૨,૧૦,૦૦૦ની કિંમતની બેગ સાથે જોવા મળ્યા હતા. જો કે, તે સાદગીપૂર્ણ જીવનનો ઉપ દેશ આપે છે અને પોતાને ભગવાન કૃષ્ણનો ભક્ત કહે છે.

બીજી એક વાત, ડાયો કંપની વાછરડાના ચામડાનો ઉપયોગ કરીને બેગ બનાવે છે. સોશિયલ મીડિયા પર લોકો આ વીડિયો પર પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. X યુઝર વીણા જૈને લખ્યું કે, 'વિવાદ બાદ જયા કિશોરીએ સોશિયલ મીડિયા પરથી પોતાનો વીડિયો હટાવી દીધો છે. તે પોતે જ બિન-ભૌતિકવાદનો પ્રચાર કરતા દેખાય છે અને તેઓ પોતાને ભગવાન શ્રીકૃષ્ણની ભક્ત પણ કહે છે. બીજી એક વાતઃ આ બ્રાન્ડેડ બેગ વાછરડાના ચામડાનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. જેની કિંમત રૂ. ૨ લાખથી વધુ છે.' અન્ય યુઝરે લખ્યું, 'જયા કિશોરી લોકોને ભૌતિકવાદી ન બનવાનું કહે છે, તેમ છતાં તે પોતે ૨ લાખથી વધુની કિંમતની વૈભવી બેગ વાપરે છે. બધા ઉપદેશકો એવા છે જેઓ પૈસા કમાવવા અને વૈભવી જીવનશૈલી જીવવા માટે આપણા ધર્મનો ઉપયોગ કરે છે.' અન્ય એક વ્યક્તિએ જણાવ્યું કે, 'કેવી રીતે જયા કિશોરી ઝૂંપડીમાં રહેવાનો દાવો કરે છે અને તેના અનુયાયીઓને પૈસા પાછળ ન ભાગવા ઉપદેશ આપે છે જ્યારે તે પોતે ૨ લાખ રૂપિયાની બેગ ખરીદે છે.' હેન્ડબેગમાં ચામડાના ઉપયોગ પર પણ જોરદાર ટીકા થઈ રહી છે. એક યુઝરે સોશિયલ મીડિયા પર લખ્યું, 'ગાયની પૂજા કરવાની વાત કરનાર ઉપદેશક એક કંપનીની બેગનો ઉપયોગ કરી રહ્યા છે જે ગાયના ચામડામાંથી તેની પ્રોડક્ટ બનાવે છે.' ૧૩ જુલાઈ ૧૯૯૫ના રોજ કોલકાતામાં જન્મેલા જયા કિશોરી દાવો કરે છે કે, 'નાની ઉંમરમાં જ મારો આધ્યાત્મિકતા તરફ ઝુકાવ હતો.'

આજે તેઓ દેશમાં આધ્યાત્મિક વક્તા, ગાયક અને પ્રેરક વ્યક્તિત્વ તરીકે ઓળખાય છે જે સાદગીપૂર્ણ જીવન જીવવાનો ઉપદેશ આપે છે.

### સુરક્ષાદળોની મોટી કાર્યવાહી

# જમ્મુમાં સૈન્યના કાફલા પર હુમલો કરનારા 3 આતંકી ઠાર

### આતંકવાદીઓએ ૧૫-૨૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

જમ્મુ અને કાશ્મીરના અખનૂરમાં આજે વહેલી સવારે આતંકવાદીઓએ સૈન્ય એમ્બ્યુલન્સને નિશાન બનાવી હતી અને હુમલો કર્યો હતો. આ દરમિયાન આતંકવાદીઓએ ૧૫-૨૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે, હવે સુરક્ષાદળોએ જવાબી કાર્યવાહીમાં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. સુરક્ષા દળે હાલમાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં સોમવારે સુરક્ષાદળો સાથે અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, અથડામણ ત્યારે શરૂ થઈ જ્યારે આતંકવાદીઓએ સવારે સેનાની એમ્બ્યુલન્સ પર ગોળીબાર કર્યો હતો. જો કે, હજુ સુધી હુમલામાં કોઈના ઘાયલ થયાના સમાચાર નથી મળ્યા. સુરક્ષા દળોએ તરત જ જવાબી કાર્યવાહી કરતા સમગ્ર વિસ્તારને ઘેરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. ત્યારબાદ બંને તરફથી ગોળીબાર શરૂ થયો હતો. હવે સૂત્રો પાસેથી માહિતી મળી છે કે, ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે અને તેમના મૃતદેહ મળી આવ્યા છે. હાલમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.




પ્રાપ્ત માહિતી પ્રમાણે આતંકવાદીઓ પહેલા મંદિરમાં ઘૂસી ગયા હતા એક મૂર્તિને ખંડિત કરી હતી. પરંતુ ત્યાં હાજર લોકોને કોઈ નુકસાન નહોતું પહોંચાડ્યું. ત્યાંથી ભાગતી વખતે આતંકવાદીઓએ સૈન્ય એમ્બ્યુલન્સ પર ગોળીબાર કર્યો હતો. જમ્મુ-કાશ્મીરના અખનૂર શહેરના જોગવાન વિસ્તારમાં સોમવારે સવારે સૈન્યની એક એમ્બ્યુલન્સ જઈ રહી હતી. ત્યારે આતંકવાદીઓના એક જૂથે તેના પર ગોળીબાર કર્યો હતો. આ ઘટના બાદ પોલીસ અને સેના એલર્ટ થઈ ગઈ છે અને સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક મહિનામાં આતંકવાદી હુમલામાં નોંધપાત્ર વધારો થયો છે.

## તંત્રી લેખ...

# ટ્રામી વાવાઝોડાનો ભારે કહેર

દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશ ફિલિપાઈન્સમાં કુદરતે રીતસરનો કહેર વર્તાવ્યો છે.. ટ્રામી વાવાઝોડાએ ફિલિપાઈન્સના કેટલાય વિસ્તારોનું નામોનિશાન મિટાઈ ગયું છે.. જી હાં, મોતનો આંકડો ૧૫૦ને પાર પહોંચી ગયો છે.. આને ફિલિપાઈન્સની કમનસીબી કહો કે, પછી કુદરતનો પ્રકોપ પરંતુ, આ વર્ષે ફિલિપાઈન્સ પર ત્રાટકનારું આ ૧૧મું ભયાનક વાવાઝોડું છે.. આ રિપોર્ટમાં જુઓ ફિલિપાઈન્સમાં ટ્રામીએ મચાવેલી તબાહી.. વાવાઝોડાની ભયાનકતા કેમેરામાં રેકોર્ડ થાય ત્યારે જ જોઈ શકીએ છીએ. પવનની તિવ્રતામાં લોકો કેવા ફંગોળાય રહ્યા છે તે સ્પષ્ટ પણે દેખાય રહ્યું છે. દ્રશ્યો કહી રહ્યા છેકે, પાણી અને હવા જો ધારે તો પૃથ્વી પર ત્રાહિ ત્રાહિ મચવી શકે છે. સમુદ્રમાં ઉદભવેલા ચક્રવાતી તોફાન ટ્રામીએ દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશ ફિલિપાઈન્સમાં મચાવેલી તબાહીના આ દ્રશ્યો છે.. વાવાઝોડાના કારણે ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે દેશના ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ન્યૂઝ રિપોર્ટ દ્વારા મળતી માહિતી અનુસાર વરસાદના કારણે થયેલા ભૂસ્ખલનમાં લગભગ ૧૩૦ લોકોના મોત થયા છે. ચિંતાની વાત એ છેકે, હજુ ૧૦૦થી વધુ લોકો ગુમ છે. તોફાનથી લગભગ ૪૨ લાખ લોકો પ્રભાવિત થયા છે. જેમાંથી લગભગ ૫ લાખ લોકોએ અલગ-અલગ શહેરોમાં આશ્રય લીધો છે. ગુમ થયેલા લોકોની શોધ ચાલુ છે. પોલીસ, ફાયર બ્રિગેડ અને સેનાના જવાનો સ્નિફર ડોગ્સની મદદથી ભૂસ્ખલનના કાટમાળ નીચે દટાયેલા લોકોને શોધી રહ્યા છે.. હાલમાં, ટાયફૂન ટ્રામી ઉત્તર-પશ્ચિમ ફિલિપાઈન્સથી દૂર ખસી ગયું છે. આ વર્ષે દક્ષિણપૂર્વ એશિયાઈ દ્વીપ સમૂહમાં ટાયફૂન ટ્રામી સૌથી ભયંકર અને સૌથી વિનાશક વાવાઝોડું બની ગયું છે. સૌથી મોટો પડકાર એ છે કે ઘણા વિસ્તારો હજુ પણ પૂરથી ઘેરાયેલા છે અને ત્યાં સુધી મોટી ટ્રકો પણ પહોંચી શકતી નથી.. તોફાન હજુ ઉત્તરીય ટાપુ લુઝોન સુધી પહોંચ્યું નથી, પરંતુ ત્યાં રહેતા લાખો લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને બંધ કરી દેવામાં આવી છે.. સરકારી કચેરીઓ પણ બંધ કરી દેવામાં આવી છે.. લોકોને ઘરેથી કામ આપવામાં આવ્યું છે.

## સ્વદેશી હર્બલ જ્ઞાનને પેટન્ટ દ્વારા માન્યતા મળી





જમ્મુ અને કાશ્મીર અને ગુજરાતના હર્બલ પરંપરાગત જ્ઞાનના સંરક્ષકોને પહેલા કાશ્મીર યુનિવર્સિટી અને ત્યારબાદ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે યોજાયેલા સન્માન કાર્યક્રમમાં હર્બલ પેટન્ટ આપવામાં આવી હતી. ભારતને પરંપરાગત હર્બલ જ્ઞાન પ્રણાલીના સમૃદ્ધ સંસાધનો આપવામાં આવ્યા છે. આ મૂલ્યવાન પ્રણાલીઓને સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ પરંપરાગત જ્ઞાન ધારકો દ્વારા સાચવવામાં આવી રહી છે, જે કુદરતી સંસાધનોની સ્થિરતાને સક્ષમ કરે છે. જ્ઞાન ધારકો તેમની ઈકોલોજીકલ સિસ્ટમમાં ક્રિયાપ્રતિક્રિયા કરે છે અને અનુભવો, પ્રયોગો અને શાણપણ દ્વારા સંચિત સ્થાનિક વનસ્પતિની ઊંડી સમજ ધરાવે છે. આ પ્રથાઓ તેમના સ્થાને પશુધન સહિત માનવ સ્વાસ્થ્ય અને કૃષિમાં પડકારોને ઉકેલવા માટેના સાધનો છે. પર્યાવરણીય સ્વચ્છતા, એન્ટિમાઈક્રોબાયલ પ્રતિકાર પર વધતી ચિંતા સાથે, આ સ્થાયી પ્રથાઓ મહત્વ મેળવી રહી છે. આવી હર્બલ દવાઓને આરોગ્ય સંભાળ પ્રણાલીમાં એકીકરણ કરવા માટે માન્યતા આપવી જોઈએ, વૈજ્ઞાનિક રીતે મૂલ્યવાન બનાવવી જોઈએ.

નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન-ઈન્ડિયા (એનઆઈએફ) દેશની સ્વદેશી જ્ઞાન પ્રણાલીના રક્ષણ માટે અગ્રણી છે. NIF એ ઉત્કૃષ્ટ પરંપરાગત જ્ઞાન પ્રથાઓનો મોટો પૂલ ઉભો કર્યો હતો અને બૌદ્ધિક સંપદા [IP] અધિકારો દ્વારા આ જ્ઞાનને સંરક્ષિત કરાયું છે. આમાંની કેટલીક તકનીકો સામાજિક લાભ માટે ટેક્નોલોજીને સ્કેલ કરવાની તક ઊભી કરવા માટે IP સુરક્ષિત હતી.

આ આરોગ્ય પરંપરાઓને વૈજ્ઞાનિક પુરાવા સાથે સુરક્ષિત કરવાથી મોટા સામાજિક ધ્યેયો માટે અનૌપચારિક અને ઔપચારિક પ્રણાલી વચ્ચે જોડાણ વધારી શકાય છે. ગાંધીનગરમાં સન્માન કાર્યક્રમ દરમિયાન ઉત્કૃષ્ટ જ્ઞાન ધારકોને સન્માનિત કરવામાં આવ્યા.

આ દિશામાં કામ કરતાં, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST)ની એક સ્વાયત્ત સંસ્થાએ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (NIF)ની હર્બલ પેટન્ટ અનુદાન સાથે ૨૬ ઉત્કૃષ્ટ જ્ઞાન ધારકોને માન્યતા આપી. આ વાણિજ્યિક અને સામાજિક સાહસો માટે ટેક્નોલોજીના સ્કેલિંગમાં સુવિધા આપશે.

આ પ્રકારની જ્ઞાન સુરક્ષા અને માન્યતા વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલી હર્બલ પ્રેક્ટિસને ટેક્નોલોજીની તૈયારીના સ્તરના સંદર્ભમાં આગળ વધારવા અને ઉદ્યોગ ભાગીદારી બનાવવા માટે મદદ કરી શકે છે. આ સહયોગી પ્રયાસો જાહેર આરોગ્યની ચિંતાઓ માટે સ્વદેશી ખર્ચ-અસરકારક ઉકેલો તરફનો માર્ગ મોકળો કરી શકે છે.

કાશ્મીર યુનિવર્સિટી, શ્રીનગરમાં સન્માન કાર્યક્રમ દરમિયાન ઉત્કૃષ્ટ જ્ઞાન ધારકો આવી પહેલો ભારતના હર્બલ હેરિટેજ માટે મહત્વપૂર્ણ છે અને સ્થાયી પ્રેક્ટિસની નિર્ણાયક જરૂરિયાત પર ભાર મૂકે છે જે આર્થિક વૃદ્ધિ અને સમુદાયની સ્થિતિસ્થાપકતાને વધારી શકે છે. આ લક્ષણો સ્થાયી પ્રથાઓના વિકાસ તેમજ હર્બલ ઔષધીય ઉત્પાદનોના ફાર્માસ્યુટિકલ વિકાસ તરફનો માર્ગ મોકળો કરતી વખતે સ્વદેશી જ્ઞાનની સુરક્ષાના મહત્વને પ્રકાશિત કરે છે. આ ટેક્નોલોજીઓને પ્રોત્સાહિત કરવાથી આરોગ્ય પ્રણાલીને નવીન ઉપચારાત્મક/સહાયક ઉત્પાદનો સાથે પૂરક બનાવવામાં મદદ મળે છે.

**ધનતેરસને દિવસે ધનની પૂજાનું બહુ જ મહત્વ છે, અને કહેવાય છે કે આ દિવસે ધનની પૂજા કરવાથી તેર ગણું ધન-ધાન્ય વધે છે**

# મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, માટે ચતુરાઈ છોડી એને શરણે જવું



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમુદ્ર મંથનમાં ભગવાન ધન્વંતરિ હાથમાં કળશ લઈને બહાર આવ્યા, એ દિવસે આસો વદ તેરસ હતી, એટલે તેના નામ પરથી ધન્વંતરિ જયંતી અથવા ધનતેરસ તરીકે આ દિવસને ઉજવવામાં આવે છે, સ્વસ્થ આયુષ્ય પ્રદાન કરવા માટે ભગવાન ધન્વંતરિ આ કળશ લઈને અવતર્યા હતા, અને તે કળશ લઈને આવ્યાં હોવાથી આજના દિવસે સુવર્ણ અને પિત્તળની ધાતુની ખરીદી કરવાનું પણ મહત્વ છે.**

આજે આમ તો હમણાં મિશ્ર તિથિ ચાલે છે, પણ આપણે આસો વદ તેરસ એટલે કે ધન તેરસ છે. વિશ્વ આખામાં હવે લોકો અતૃપ્તિનાં એક માનસિક રોગથી પીડાતા હોય, એમ વિશ્વ આખું આજે પૂર્ણ આર્થિક મંદીનાં તનાવ સાથે જીવી રહ્યું છે, એટલે સૌ સાથે મળી આ વખતે આ ધન તેરસનો તહેવાર ધનની તરસ છોડી ઉજવીએ. આમ પણ મહાલક્ષ્મીનાં એક સ્વરૂપ ને ચતુરા કહેવામાં આવે છે, તો એ સામેવાળાની ચતુરાઈને પહેલા પકડી પાડે છે, માટે કહેવાતી સ્માર્ટ નેસ ત્યજી એને શરણે જવું, તો અવશ્ય સુખ શાંતિ બની રહેશે. સામાન્ય રીતે દિવાળીનાં તહેવાર અગિયારસથી શરૂ થાય છે, રમા એકાદશી, વાક્ બારસને ધન તેરસ, કાળી ચૌદસ તથા દિવાળી અને,કારતક સુદ એકમ એટલે બેસતું વર્ષ કે નવું વર્ષ, ત્યાર બાદ ભાઈબીજ, સુધી ઉજવાય છે. વેપારીઓ દીવાળી એ ચોપડા પૂજન કરી પછી લાભ પાંચમ સુધી રજા રાખે છે, અને એ દિવસ પણ સારો દિવસ છે, તેઓ તે દિવસથી પાછા પોતાનાં ધંધા શરું કરે છે. મુખ્યત્વે પાંચ દિવસ એટલે કે ધનતેરસ કાળી ચૌદશ દિવાળી બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ દિવસો બધા જ લોકો દિવાળીના તહેવાર તરીકે ઉજવે છે. ધનતેરસને દિવસે ધનની પૂજાનું બહુ જ મહત્વ છે, અને કહેવાય છે કે આ દિવસે ધનની પૂજા કરવાથી તેર ગણું ધન-ધાન્ય વધે છે. સમુદ્ર મંથનમાં ભગવાન ધન્વંતરિ હાથમાં કળશ લઈને બહાર આવ્યા, એ દિવસે આસો વદ તેરસ હતી. એટલે તેના નામ પરથી ધન્વંતરિ જયંતી અથવા ધનતેરસ તરીકે આ દિવસને ઉજવવામાં આવે છે. સ્વસ્થ આયુષ્ય પ્રદાન કરવા માટે ભગવાન ધન્વંતરિ આ કળશ લઈને અવતર્યા હતા, અને તે કળશ લઈને આવ્યાં હોવાથી આજના દિવસે સુવર્ણ અને પિત્તળની ધાતુની ખરીદી કરવાનું પણ મહત્વ છે. ઉપરાંત એક બીજી લોકવાયકા એવી પણ છે, કે ભગવાન




વિષ્ણુ દ્વારા લક્ષ્મીજી શાપિત થાય છે, અને તેમને ૧૩ વર્ષ સુધી કોઈ ભૂમિ પુત્ર એટલે કે ખેડૂતને ઘરે રહેવાનું હોય છે. લક્ષ્મીજી જે ભૂમિપુત્રને ત્યાં રહ્યાં હતાં, તેના ધન-ધાન્યમાં વૃદ્ધિ થાય છે, અને સમય અવધિ પૂરી થતાં ભગવાન વિષ્ણુએ તેમને તેડવા માટે આવે છે, ત્યારે તે ખેડૂત લક્ષ્મીજી ને પોતાના ઘરે રોકાઈ જવા આગ્રહ કે વિનંતી કરે છે, તે દિવસ પણ આસો વદ તેરસનો દિવસ હતો, અને લક્ષ્મીજી એવું કહે છે, કે આ દિવસે જે કોઈ પોતાના આંગણામાં દીવા મૂકી અને મારું પૂજન કરશે, તેને ત્યાં કાયમ મારો વાસ રહેશે. ત્રીજી એક લોકવાયકા એવી છે,કે અસુરોના રાજા બલીનો અત્યંત ત્રાસ વધી જતાં, દેવતાઓની વિનંતીથી ભગવાન વિષ્ણુ વામન સ્વરૂપે બલિને ત્યાં ભિક્ષા માંગવા જાય છે, અસુરોના ગુરુ શુક્રાચાર્યને ભગવાન વિષ્ણુની આ ચાલ વિશે જાણકારી મળી જાય છે, અને તે રાજા બલિને ખૂબ જ સમજાવે છે, કે ભગવાન વિષ્ણુ તને પાઈમાલ કરી દેવા માટે આવ્યા છે, પણ રાજા એ વાત માનતા નથી, અને વામન સ્વરૂપે આવેલા ભગવાનને ત્રણ ડગલાં પૃથ્વી આપવા માટે કટિબદ્ધ થાય છે, ત્યારે શુક્રાચાર્ય લઘુ સ્વરૂપ ધારણ કરી અને કમંડળમાં સમાય જાય છે. જેથી કરીને સંકલ્પ કરવા માટેનું જળ કમંડળ માંથી નીકળતું નથી. દર્ભના તણખલાંના આગળના કડક ભાગથી ભગવાન વિષ્ણુ કમંડળને ખોતરે છે, જેથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી જાય છે, અને આમ ભગવાન વિષ્ણુ પોતાની ચાલમાં કામયાબ બને છે, અને અસુરોના ત્રાસમાંથી દેવતાઓ મુક્ત થાય છે, એટલે પણ આ દિવસને ઉજવવામાં આવે છે. આપણે ત્યાં આદ્ય શક્તિનાં મુખ્ય ત્રણ અધિષ્ઠાત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે, અને મહાલક્ષ્મી, મહાસરસ્વતી, અને મહાકાલી, એમાં ધન-ધાન્ય કે એશ્વર્ય માટે મહાલક્ષ્મી મુખ્ય દેવી માનવામાં આવે છે. પરંતુ ધનતેરસને દિવસે જ મહાલક્ષ્મીનું પૂજન શું કામ? એવો કોઈ પ્રશ્ન થાય તો ક્ષીર સાગરમાંથી આસો વદ તેરસને દિવસે મહાલક્ષ્મી હાથમાં ચરુ લઈને પ્રગટ થયા હતા, અને તેથી એ દિવસે ધનની પૂજા કરવામાં આવે છે. આ ઉપરાંત સમુદ્ર મંથન વખતે પણ સમુદ્રમાંથી મહાલક્ષ્મીનું હાથમાં અમૃત કુંભ સાથે બહાર આવ્યા હતાં, એટલે એ રીતે પણ મહાલક્ષ્મીના પ્રાગટ્ય દિવસને ધનતેરસ તરીકે ઉજવવામાં આવે છે. ધનની પૂજામાં સામાન્ય રીતે જુના નવા ચલણના સિક્કાઓ, સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓ, હીરા, માણેક, વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. પૂજનવિધીમાં આ ધનના સિક્કાને દૂધ પાણી વડે ધોઈ અને કે પૂજન વિધિ સંપન્ન કરવામાં આવે છે.ધોવાનો મતલબ એ થાય કે અમે લક્ષ્મીને દાન-ધર્મ કરીને સાફ સુથરી રાખીશું, અથવા તો અનીતિની કમાણી નહીં કરીએ, પણ જ્યાં સીધી આવકનો સ્ત્રોત હશે, એ જ ધનને કમાણી રૂપે અર્જિત કરીશું. આપણે આપણી આવક પૂરેપૂરી ખર્ચાઈ ન જાય, ત્યાં સુધી આ સચ્ચાઈનો એટલે કે દાન ધર્મનો માર્ગ મુકવાનો નથી.ધનનો એક સીધોસાદો અર્થ એટલે રૂપિયા પૈસા, અને એ જીવન જીવવા માટે બહુ જ અનિવાર્ય છે. આમ પણ અત્યારે સૌને ધનવાન થવું છે, ગુણવાન થવા માટેની કોઈ શિબિર, કે એવું કંઈ યોજવામાં આવે, તો કદાચ એમાં એટલી સંખ્યા ન થાય, પરંતુ અહીં આટલા રૂપિયાનાં આટલા રૂપિયા કરી દેવામાં આવે છે, એવી કોઈ જાહેરાત સાંભળવા મળે, તો ત્યાં માણસોના ઢગલે ઢગલા જોવા મળે છે. અને વાત પણ સાચી છે, આ મોંઘવારીના જમાનામાં ધન વગર તો કેમ ચાલે!! પરંતુ આજથી ઘણા વર્ષો પૂર્વેનો ઈતિહાસ જોઈએ, તો ધનવાન કોને કહેવાતું!! જેના આંગણામાં ઘણી બધી ગાય હોય, પોતાનું ઘર તથા ખેતર હોય, ઘરમાં ચાર દીકરા હોય, એકાદ-બે સંસ્કારી દીકરીઓ હોય, આંગણાનાં તુલસીક્યારા ને ઉંબર પુજતી વહું હોય, જેના ઘરે રોજ અતિથિનો પાટલો પડતો હોય, તથા નિત્ય ઠાકોરજીની સેવા પૂજા થતી હોય, અને આખો પરિવાર શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોય, તથા હસી ખુશીથી ઘરના વહેવારો ચાલતા હોય, આવા વ્યક્તિને એટલે કે ગુણવાન ને ધનવાન કહેવાતા. મિત્રો દિવાળીના તહેવાર શરૂ થઈ ગયા છે અને જેમ ઘર સાફ કરી અને ચોખ્ખું કર્યું છે, એ જ રીતે અંતર મન પણ ચોખ્ખું કરવાનું છે, અને અંદરના પૂર્વાગ્રહ કે હઠાગ્રહ મુક્ત થઈ, અને જે સંબંધોમાં રોષ કે રીસ હોય, ત્યાં સામેથી જઈ અને દિવાળીની વધાઈ આપી તહેવાર ઉજવીએ, આવતીકાલ અહીં કોઈની નિશ્ચિત નથી, અને અહિંથી કંઈ જ આપણે સાથે લઈ જઈ શકવાના નથી. આ બંને સત્ય યાદ રાખીને આપણે ન હોઈએ, ત્યારે પણ લોકો આપણને પ્રેમપૂર્વક યાદ રાખે, એ રીતના મધુર વ્યવહાર અન્ય સાથે આ દિવાળીમાં બાંધવા કટિબદ્ધ બનીએ. આ ઉપરાંત બધાં મિત્રોને ધન તેરસના તહેવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આપ સૌના જીવન આવી જ રીતે સદાય ધન-ધાન્ય અને ગુણથી ભરેલા રહે, અને કાયમ ઝગમગતા દીવડા જેવું તેજસ્વી અને ખુશહાલ સૌનું જીવન બને, તેમજ ખણકતા રુપિયા જેવી ખણકતી ખુશીનું હાસ્ય સૌનાં મુખ પર સદાય ચમકતું રહે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું, તહેવારોનાં નવા શબ્દાર્થ, અને ભાવાર્થ સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આપનું લક્ષ્યબિંદુ શ્રીકૃષ્ણને મળવાનું છે, ઈશ્વર સાથે એક થવાનું છે, ભગવાન સાથે એક થવા માટે એક ભગવાનની કથા છે**

# ઓમ યક્ષાય કુબેરાય વૈશ્રવણાય ધનધાન્યાધિપતયે ધનધાન્યસમૃદ્ધીં મે દેહિ દાપય સ્વાહા ॥



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કથા સાંભળવી એ પુણ્ય છે, બીજાં કર્મોનું ફળ કાળાંતરે છે, ભાગવતની કથા સાંભળવાનું ફળ તરત મળે છે, એ ફળ છે ધનતેરસ નું શાસ્ત્રો અનુસાર મહત્વ જોઇએ તો ધનતેરસના દિવસે સમુદ્ર મંથન દરમિયાન અમૃત કળશ સાથે ભગવાન ધન્વંતરિ પ્રગટ થયા હતા, આ કારણે આ તિથિને ધનતેરસ કે ધનત્રયોદશી તિથિ તરીકે ઓળખવામાં આવે છે.**

આજે ધનતેરસથી દીપોત્સવીના પાંચ દિવસો શરૂ થયા છે ત્યારે સંતના હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.પૃથ્વીલોક પર સંતની સંતોના ચાર ધર્મો એટલે આપત્તિમાં પ્રભુ સ્મરણ,સર્વસ્વનું દાન, વચનપાલન અને શરણું. આ જો જીવનમાં ઊતરે તો વાસનાની ઉપાસના થઈ જાય. પછી રાસ લીલામાં જવાની વેળા પ્રાપ્ત થાય તો યે હજી ભય રહે છે. હજી બુદ્ધિમાં સૂક્ષ્મ વાસના રહી જાય છે. સંતોના જીવનમાં ઊતારવાથી સ્થૂલ વાસનાનો નાશ થાય છે. પણ મન બુદ્ધિમાં જે સૂક્ષ્મવાસના રહેલ તેનો નાશ થતો નથી. વાસના ના પૂર્ણ ક્ષય વગર મોહનો ક્ષય થતો નથી અને મોહના ક્ષય વગર મુક્તિ મળતી નથી.બુદ્ધિગત વાસના સૂર્યચંદ્રની ઉપાસના ન કરે ત્યાં લગી જતી નથી. પ્રભુ મનમાં બિલકુલ સૂક્ષ્મ મળ ન રહે, તો જ મન મરે. મન શ્રી કૃષ્ણમાં મળી જાય મન મરે તો મુક્તિ મળે. આત્મા તો નિત્યમુક્ત છે. એને કોઈ બંધન નથી. જે સદા મુક્ત છે તેને બંધન શું મનને મુક્ત કરવાનું છે. ઈન્દ્રિયગત વિકાર અને વાસનાનો નાશ સંતોના ધર્મો આચરણમાં મૂકવાથી થાય છે. પણ જે વિકાર-વાસના મન અને બુદ્ધિ માં સૂક્ષ્મ રૂપે છે, તેનો વિનાશ જલદી થતો નથી. જેનો છેલ્લો જન્મ હોય તેનું જ મન અતિ શુદ્ધ થાય છે. મારું મન શુદ્ધ છે એવી કલ્પના કરી ચાલવામાં જોખમ છે. એથી સાધના તરફ ઉપેક્ષા જાગે છે. આપનું લક્ષ્યબિંદુ શ્રીકૃષ્ણને મળવાનું છે, ઈશ્વર સાથે એક થવાનું છે. ભગવાન સાથે એક થવા માટે એક ભગવાનની કથા છે. કથા સાંભળવી એ પુણ્ય છે. બીજાં કર્મોનું ફળ કાળાંતરે છે. ભાગવતની કથા સાંભળવાનું ફળ તરત મળે છે. એ ફળ છે ધનતેરસ નું શાસ્ત્રો અનુસાર મહત્વ જોઈએ તો ધનતેરસના દિવસે સમુદ્ર




મંથન દરમિયાન અમૃત કળશ સાથે ભગવાન ધન્વંતરિ પ્રગટ થયા હતા. આ કારણે આ તિથિને ધનતેરસ કે ધનત્રયોદશી તિથિ તરીકે ઓળખવામાં આવે છે. તેમજ આ દિવસે લક્ષ્મીદેવી, ધનના દેવ કુબેર,અને મૃત્યુના દેવ યમરાજની પૂજા કરવામાં આવે છે. ધનતેરસના દિવસે સોનું, ચાંદી, વાસણ, સાવરણી વગેરે ખરીદવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિવસે ભગવાન ધન્વંતરિની પૂજા કરવાથી ધનની સંપત્તિ જીવનમાં જળવાઈ રહે છે. આ સાથેજ ઘરમાં ધન, યશ અને સુખ સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે. આરોગ્યની પ્રાપ્તિ થાય છે. વૈદિક પંચાગ મુજબ ધનતેરસના દિવસે ત્રિપુષ્કર યોગ બની રહ્યો છે, આ યોગમાં ખરીદી કરવી ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ યોગ સવારે ૬.૩૨ વાગ્યાથી શરૂ થઈને બીજા દિવસ સુધી સવારે ૧૦.૩૦ વાગ્યે રહેશે. આ યોગમાં ખરીદી કરવાથી વસ્તુઓ માં ત્રણ ગણો વધારો થાય છે. ધનતેરસના દિવસે અભિજીત મુહૂર્ત પણ બની રહ્યું છે અને આ યોગમાં ખરીદી કરવાથી સુખ સમૃદ્ધિ આવે છે. આ મુહૂર્ત આજે તા.૨૯મી ઓક્ટોબરે સવારે ૧૧.૪૨ વાગ્યાથી બપોરે ૧૨.૨૭ વાગ્યા સુધી રહેશે, આ દરમિયાન તમે ખરીદી કરી શકો છો. ધનતેરસ પૂજાનો શુભ સમય ૨૯મી ઓક્ટોબર મંગળવારના રોજ સાંજે ૬.૩૧ વાગ્યાથી શરૂ થઈને ૮.૧૩ વાગ્યા સુધી રહેશે, આ વખતે ધનતેરસ પૂજા માટે કુલ ૧ કલાક ૪૧ મિનિટનો સમય મળશે. હિન્દુ ધર્મમાં ધનતેરસનો તહેવાર દિવાળીના પાંચ દિવસીય તહેવાર ની શરૂઆત કરે છે. જેને પ્રકાશનો તહેવાર કે પર્વ માનવામાં આવે છે ધનતેરસના દિવસે લોકો દેવી લક્ષ્મીની કૃપા મેળવવા માટે વિવિધ પ્રકારની ખરીદી કરે છે અને તેમના ઘરને દીવાઓથી શણગારે છે. ધનતેરસના દિવસથી જ દિવાળી તહેવાર શરૂ થાય છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર ધનતેરસના દિવસે ખરીદી કરવાની અને દેવી લક્ષ્મીની કૃપા મેળવવા અને ઘર માં સુખ, શાંતિ અને સમૃદ્ધિ મેળવવા માટે સાંજે ઘરના દરેક ખૂણામાં દીવા પ્રગટાવવાની પરંપરા છે. માન્યતાઓ અનુસાર ધનતેરસના દિવસે ઘરમાં કેટલીક એવી જગ્યા ઓ હોય છે જેને દીવાઓથી પ્રગટાવવાની જરૂર હોય છે.આ સ્થાનો પર દીવા પ્રગટાવવાથી દેવી લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે અને આખા વર્ષ દરમિયાન ઘરમાં પૈસા અને અનાજની કમી નથી રહેતી. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ના ધનતેરસની રાત્રે તમારા ઘરના મંદિર પૂજા રૂમમાં અખંડ દીવો પ્રગટાવો. એવું માનવામાં આવે છે કે આવું કરવાથી ઘરમાં સુખ અને સમૃદ્ધિ આવે છે અને વાસ્તુ દોષ પણ દૂર થાય છે. ધનતેરસની રાત્રે તુલસીના છોડ નીચે ગાયના ઘીનો દીવો કરવો. આમ કરવાથી દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની કૃપા પ્રાપ્ત થાય છે. ધનતેરસની રાત્રે ઘરના ઉત્તર-પૂર્વ ખૂણામાં ગાયના ઘીનો દીવો પ્રગટાવવો જોઈએ.ધ્યાનમાં રાખો કે આ સ્થાન પર પ્રગટાવવામાં આવતા દીવામાં રૂની વાટને બદલે લાલ રંગની મૌલી અથવા કલા વાનો ઉપયોગ કરો.આ દીવો પ્રગટાવતી વખતે તેમાં થોડું કેસર પણ નાખો.હવે દીવો કરતા પહેલા તેના પર થોડાં ચોખા રાખો અને આ ચોખાની ઉપર દીવો મૂકો. ધ્યાન રાખો કે આ દીવાને સીધો જમીન પર રાખીને પ્રગટાવવો જોઈએ નહીં. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ધન તેરસ પૂજા મંત્ર -અષ્ટલક્ષ્મી કુબેર મંત્ર-ઓમ હ્રીં શ્રીં ક્રીં શ્રીં કુબેરાય અષ્ટ લક્ષ્મી મમ ગૃહે ધનં પુરય પુરય નમ : ॥-જાપ વિધિ- કુબેર દેવની કૃપા પ્રાપ્ત કરવા માટે આ મંત્ર ફળદાયી માનવામાં આવે છે.ધનતેરસના દિવસે જો તમે આ મંત્રનો જાપ કરો છો તો તમને ધન પદ,પ્રતિષ્ઠા,સન્માન અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. અમોઘ મંત્ર-ઓમ યક્ષાય કુબેરાય વૈશ્રવણાય ધનધાન્યાધિપતયે ધનધાન્યસમૃદ્ધીં મે દેહિ દાપય સ્વાહા ॥જાપ વિધિ- આ મંત્રનો જાપ દક્ષિણ દિશા બાજુ મોંઢૂ કરીને ૧૦૮ વખત કરવુ લાભકારી હોય છે. જાપ કરતી સમયે અમુક કોડી પોતાની પાસે રાખો. ધન પ્રાપ્તિનો મંત્ર -ઓમ શ્રીં હ્રીં ક્લીં શ્રીં ક્લીં વિત્તેશ્વરાય નમઃ ॥ જાપ વિધિ- ધનતેરસ પર કુબેર દેવની પૂજા બાદ આ મંત્રનો જાપ કરો. જેનાથી ધનની કમી ક્યારેય થતી નથી અને વ્યક્તિ બધા ભૌતિક સુખને પ્રાપ્ત કરે છે. પંચ ત્રિંશદક્ષર મંત્ર-ઓમ યક્ષાય કુબેરાય વૈશ્વવણાય ધન ધાન્યાધિ પતયે ધનધાન્યા સમૃદ્ધી દેહિદાપય સ્વાહા ॥ જાપ વિધિ- આ મંત્રનો જાપ કરવાથી અનંત વૈભવ અને ધનની પ્રાપ્તિ થાય છે. દક્ષિણ દિશાબાજુ મોંઢૂ રાખીને આ મંત્રનો જાપ કરવાથી આ સિદ્ધ થાય છે. આજથી દિવાળી નૂતન વર્ષના પર્વની શરૂઆત આનંદ ઉત્સવ પરિવાર સાથે માણો ખુશ રહો વિ.સં.૨૦૮૧નું આખું વર્ષ હર્ષ ઉલ્લાસ સુખશાંતિમય આરોગ્ય પ્રદ મંગળકારી બની રહે તેવી શુભકામના પાઠવું છું..

### દર્શકો માટે ધનતેરસનો આ અવસર ઘણો આનંદદાયક બનશે

# ‘તારક મહેતા’ના જેઠાલાલ કરશે મોટો ધમાકો

‘તારક મહેતા શો’ને પસંદ કરતા દર્શકો માટે ધનતેરસનો આ અવસર ઘણો આનંદદાયક બની રહેશે. આ અવસર પર શોના નિર્માતાઓએ જેઠાલાલના પાત્ર પર આધારિત એક ગેમ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એક બિઝનેસ ગેમ હશે, જે મનોરંજનની સાથે-સાથે શીખવાની સુવિધા પણ આપશે.‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ એક ખૂબ જ લોકપ્રિય ટેલિવિઝન શો છે. આ શોની ખૂબ જ મોટી ફેન ફોલોઈંગ છે. તેની લોકપ્રિયતા વધુ વધારવા માટે તેના નિર્માતાઓએ આ શોની એક ગેમ લોન્ચ કરવાની યોજના બનાવી છે. આ વર્ષની શરૂઆતમાં ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના નિર્માતા અસિત કુમારે ટીવી શોના પાત્રો પર આધારિત ગેમ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી.માર્ચ ૨૦૨૪ સુધીમાં લગભગ ૮ રમતો લૉન્ચ કરવામાં આવી હતી, ત્યારબાદ લગભગ ૧૧ વધુ ગેમ લૉન્ચ કરવામાં આવશે. તાજેતરમાં, તેની એક ગેમ, ‘જેઠાલાલ ગડા’ના પાત્ર પર આધારિત ‘ગડા ઈલેક્ટ્રોનિક્સ’ લોન્ચ થવાની છે. નીલા ફિલ્મ્સની ગેમિંગ શાખા નીલા મીડિયાટેકની નવી ગેમ ‘ગડા ઈલેક્ટ્રોનિક્સ’ ધનતેરસના અવસર પર એટલે કે ૨૯મી ઓક્ટોબરે લોન્ચ કરવામાં આવશે.



શો મેકર અસિત કુમાર મોદીએ પોતાના સોશિયલ મીડિયા દ્વારા આ જાણકારી આપી છે.શોના નિર્માતાએ ઓફિશિયલ એક્સ એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, તે તારક મહેતાના દર્શકો માટે સારા સમાચાર લઈને આવ્યા છે. તેણે કહ્યું, “તારક મહેતાના પ્રેમી દર્શકો માટે આજે એક સારા સમાચાર છે. ધનતેરસના દિવસે એક ગેમ લોન્ચ કરવામાં આવી રહી છે. આ ગેમમાં જેઠાલાલ, નટ્ટુ કાકા, બગા અને મગનના પાત્રો સામેલ હશે, જે ખૂબ જ મજેદાર હશે.આ ગેમ વિશે વાત કરતી વખતે અજીત મોદીએ કહ્યું કે, તેમાં ઈલેક્ટ્રોનિક સામાનની ખરીદી, વેચાણ, તેનો નફો, નુકસાન અને જેઠાલાલના પાત્ર દ્વારા ગ્રાહક સાથે વાત કરવી જેવી રમતોનો સમાવેશ કરવામાં આવશે. ‘ગડા ઈલેક્ટ્રોનિક્સ ગેમ’ એક બિઝનેસ ગેમ છે, જે પ્રેક્ષકોને માત્ર બિઝનેસ કેવી રીતે કરવો તે શીખવશે નહીં પણ મજા પણ આવશે. આ ગેમ પહેલા ‘રન જેઠા રન’, ‘ભીડે સ્કૂટર રેસ’, ‘મેચ પૂલ ૨૦૪૮’, ‘પોપટ શોર્ટકટ રેસ’, ‘જમ્પ ભીડે જમ્પ’, ‘તારક ફૂટ મેચ’ લોન્ચ કરવામાં આવી છે.

### ‘નાગિન’ અને ‘કુબૂલ હૈ’ જેવી સિરિયલોથી ફેમસ થયેલી

# છત્રીસ વર્ષની અભિનેત્રી જિમ કોર્બેટ નેશનલ પાર્કના રિસોર્ટમાં કરશે લગ્ન

**દરેક ઘરમાં ફેમસ થયેલી અભિનેત્રી સુરભી જ્યોતિ હવે લગ્નનાં પવિત્ર બંધનમાં બંધાશે**



‘નાગિન’ અને ‘કુબૂલ હૈ’ જેવી સિરિયલોથી દરેક ઘરમાં ફેમસ થયેલી અભિનેત્રી સુરભી જ્યોતિ હવે લગ્નનાં પવિત્ર બંધનમાં બંધાઈ રહી છે. માહિતી પ્રમાણે સુરભી તેના લાંબા સમયના બોયફ્રેન્ડ સુમિત સૂરી સાથે લગ્ન કરી રહી છે.સુરભી અને સુમિત આજે એટલે કે ૨૭મી ઓક્ટોબરે જિમ કોર્બેટ નેશનલ પાર્કના લક્ઝરી રિસોર્ટમાં લગ્નના સાત ફેરા લેશે. ભવ્ય લગ્ન પહેલા કપલના પ્રી-વેડિંગ ફંક્શન પૂરજોશમાં છે. અભિનેત્રીએ તેના હાથ પર પિયાના નામ સાથે મહેંદી મુકાવી હતી. સુરભીએ મહેંદી સેરેમનીની તસવીરો તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યા છે. ફોટામાં અભિનેત્રી મહેંદી લગાવતી જોવા મળે છે. જોકે, સુરભીએ ભારે ડિઝાઈન નહી પરંતુ ખૂબ જ સરળ મહેંદી ડિઝાઈન કરાવી હતી. સુરભીની સાથે તેના ભાવિ વરરાજાએ પણ મહેંદી લગાવી હતી.મહેંદી ફંકશન દરમિયાન કપલ એકબીજા સાથે રોમાન્ટિક મુડમાં જોવા મળ્યા હતા. બંને એકબીજાની બાહોમાં રોમેન્ટિક પોઝ પણ આપતા જોવા મળ્યા હતા. અભિનેત્રીએ તેના માથા પર હેવી ટીક્કા અને કાનની બુટ્ટી પહેરીને તેના પહેલા લુકના ફોટા શેર કર્યા છે. સુરભીના ચહેરા પર લગ્નની ચમક સ્પષ્ટ દેખાય છે. ફેન્સ અને સેલેબ્સ સુરભીને એડવાન્સમાં લગ્ન માટે અભિનંદન આપી રહ્યા છે.સુરભી અને સુમિતની વાત કરીએ તો બંને લાંબા સમયથી ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. સુરભીએ ‘નાગિન’ અને ‘કુબૂલ હૈ’ જેવી સિરિયલો સહિત ઘણી પંજાબી ફિલ્મો પણ કરી છે. તો સુમિત પણ વ્યવસાયે એક્ટર છે.

# એક્સ વાઈફની બર્થ ડે પાર્ટીમાં હૃતિક ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે પહોંચ્યો

**સુઝેન ખાનની બર્થ ડે પાર્ટી** | **સુઝેનના બોયફ્રેન્ડ અર્સલન ગોની સાથે પોઝ પણ આપ્યો**




હૃતિક રોશન એક્સ વાઈઝ સુઝેન ખાનની બર્થ ડે પાર્ટીમાં ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે પહોંચ્યો હતો. આ બર્થ ડે પાર્ટીમાં સુઝેનનો બોય ફ્રેન્ડ અર્સલન ગોની પણ હાજર હતો. ખુદ સબા આઝાદે જ સુઝેનની આ બર્થ ડે પાર્ટીની તસવીરો શેર કરી તેને શુભેચ્છા પાઠવી હતી. આ પાર્ટીમાં હૃતિક, સુઝેન, સબા તથા અર્સનલ ગોનીએ સાથે સાથે પોઝ પણ આપ્યા હતા. એક્સ હસબન્ડ-વાઈફ અને તેમના નવા પાર્ટનર્સની આ તસવીરો જોઈ ચાહકો ચકિત બન્યા હતા. કેટલાકે કોમેન્ટ કરી હતી કે હૃતિક અને સુઝેન કોઈ જાતની કડવાશ વિના પોતપોતાની જિંદગી માણી રહ્યા છે તે સારી વાત છે. કેટલાકે સબા આઝાદ અને અર્સલન ગોનીની ઉદારતાને પણ વખાણી હતી કે તેઓ હૃતિક-સુઝેનને આટલી સ્પેસ આપે છે. કોઈએ એવી પણ કોમેન્ટ કરી હતી કે આટલી બધી દરિયાદિલી શક્ય નથી. ખબર નહીં આ લોકો કઈ દુનિયામાં રહે છે. ઉલ્લેખનીય છે હૃતિક રોશન એક્સ વાઈઝ સુઝેન ખાનની બર્થ ડે પાર્ટીમાં ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે પહોંચ્યો હતો કે હૃતિક, સુઝેન, સબા અને અર્સલન અનેક ફંકશન્સમાં સાથે જોવા મળે છે અને તેઓ સાથ સાથે પ્રવાસે પણ જાય છે. સુઝેનના બોયફ્રેન્ડ અર્સલન ગોની સાથે પોઝ પણ આપ્યો, દરમિયાન સુઝેનની આ બર્થ ડે પાર્ટીજમાં ઝાયદ ખાન, ફરદીન ખાન, ભાવના પાંડે, મહિપ કપૂર સહિતની હસ્તીઓ પણ હાજર રહી હતી.



# ઈબ્રાહિમ-પલકનો વિડીયો વાયરલ થયો

**પલક તિવારી મુંબઈમાં ઈબ્રાહિમ અલી ખાનના ઘરની બહાર નીકળતી જોવા મળી હતી**

ઈબ્રાહિમ અલીએ પલક તિવારીને ગળે લગાવી, ડેટિંગની અફવાઓ વચ્ચે પાર્ટીનો વિડીયો થયો વાયરલ થયોસૈફ અલી ખાન અને અમૃતા સિંહનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અવારનવાર હેડલાઈન્સ બનાવે છે. આ સ્ટાર કિડ તેની આગામી ફિલ્મ ‘સરઝમીન’થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. પ્રોફેશનલ ળન્ટ સિવાય તેની પર્સનલ લાઈફની પણ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થાય છે. ૨૬ ઓક્ટોબરના રોજ અબુ જાની સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં હાજરી આપનાર ઈબ્રાહિમ અલી તેની રૂમર્ડ ગર્લફ્રેન્ડ પલક તિવારીને ગળે લગાવતો જોવા મળ્યો હતો. બંનેનો વિડીયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે.ઈબ્રાહિમ અલી ખાને પાર્ટીમાં પ્રવેશતા પહેલા પલક તિવારીને ગેટ પર ગળે લગાવીને મુલાકાત કરી હતી. પાર્ટીમાં ઈબ્રાહિમે પલકનો પરિચય વિજય વર્મા અને તમન્ના ભાટિયા સાથે પણ કરાવ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહેલા વિડીયોમાં પલક તિવારી અબુ જાની સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીના સ્થળની બહાર પોતાની કારમાંથી નીચે ઉતરતી જોઈ શકાય છે. પલક એક મિલિયન ડોલરની સ્માઈલ ફ્લૅશ કરી અને પાપારાઝીની સામે પોઝ આપી. આ પછી અભિનેત્રી તેના રૂમર્ડ બોયફ્રેન્ડ ઈબ્રાહિમ અલી ખાનને ગળે લગાવતી જોવા મળી હતી. પલકે આ ખાસ પ્રસંગ માટે બ્રાઉન ટોપ અને બ્લુ જીન્સ પહેર્યુ હતું અને તેના વાળ ખુલ્લા રાખ્યા હતા. જ્યારે ઈબ્રાહિમ બ્લેક આઉટફિટમાં ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો છે. આ ક્લિપમાં ઈબ્રાહિમ પાર્ટી વેન્યુ પર કેટલાક સ્ટાર્સ સાથે પલક સાથે વાત કરતો જોવા મળે છે. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ડિઝાઈનર અબુ જાની સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં હાજરી આપનાર હસ્તીઓમાં ઈબ્રાહિમ અલી ખાનનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં વિજય અને તમન્ના પણ હાજર રહ્યા હતા.ઈબ્રાહિમ અને પલકની વાત કરીએ તો તાજેતરમાં જ તેઓ ઘણા પ્રસંગોએ સાથે જોવા મળ્યા છે. જો કે આ રૂમર્ડ કપલે હજુ સુધી એ વાતની પુષ્ટિ કરી નથી કે તેઓ ડેટિંગ કરી રહ્યાં છે, પરંતુ તેઓ ઈવેન્ટ્સ, પાર્ટીઓ અને સોશિયલ મીડિયા દ્વારા સતત એવા સંકેતો આપી રહ્યા છે કે તેમની વચ્ચે પ્રેમ ખીલી રહ્યો છે.



**ઈબ્રાહિમ અલી ખાને પાર્ટીમાં પ્રવેશતા પહેલા પલક તિવારીને ગેટ પર ગળે લગાવીને મુલાકાત કરી હતી**

### એલેક્ઝાન્ડર એલેક્સ સાથે પોઝ આપ્યો

# પાર્ટીમાં લાલ પરી બનીને પહોંચી નતાશા સ્ટેનકોવિક



**મોડલ અને અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક હાલમાં જ ક્રિકેટર હાર્દિક પંડ્યાથી છૂટાછેડાને કારણે ચર્ચામાં હતી**

મોડલ અને અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક હાલમાં જ ક્રિકેટર હાર્દિક પંડ્યાથી છૂટાછેડાને કારણે ચર્ચામાં હતી. તેના ક્રિકેટર પતિથી છૂટાછેડાની જાહેરાત પહેલા જ નતાશા તેના હોમ ટાઉન સર્બિયા ગઈ હતી અને તાજેતરમાં તે મુંબઈ પાછી આવી હતી. અભિનેત્રીએ તાજેતરમાં બી-ટાઉનમાં દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી, જ્યાં તેની સ્ટાઈલ જોવા જેવી હતી. નતાશાએ ડિઝાઈનર જોડી અબુ જાની-સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી. આ સમય દરમિયાન તેણે લાલ સાડી પહેરી હતી, જેને તેણે કોર્સેટ બ્લાઉઝ સાથે કેરી કરી હતી. આ લુકમાં નતાશા ખૂબ જ સુંદર લાગી રહી હતી.નતાશાએ ફિટનેસ કોચ એલેક્ઝાન્ડર એલેક્સ સાથે પાર્ટીમાં હાજરી આપી હતી, જે દિશા પટણીને ડેટ કરી રહ્યો હોવાની અફવા હતી. પરંતુ, હવે તેનું નામ નતાશા સાથે જોડવામાં આવી રહ્યું છે. ઓનલાઈન સામે આવેલા વિડીયોમાં નતાશા લાલ કપડામાં ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. એક્ટ્રેસ કારમાંથી નીચે ઉતરી કે તરત જ એલેક્ઝાંડરે તેના માટે કારનો ગેટ ખોલ્યો અને પછી સાડીને એડજસ્ટ કરવામાં પણ તેની મદદ કરી. આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે, જેમાં બંને એકસાથે પોઝ આપતા જોઈ શકાય છે, જેના પર ઘણા યુઝર્સે કોમેન્ટ કરી અને કટાક્ષ કર્યા.નતાશા સ્ટેનકોવિક વર્ષની શરૂઆતથી જ તેના અંગત જીવનને લઈને ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. વર્ષની શરૂઆતમાં, એવા અહેવાલો આવ્યા હતા કે નતાશા અને હાર્દિક અલગ થઈ રહ્યા છે, લાંબા સમય સુધી આ અહેવાલો પર મૌન રાખ્યા પછી, દંપતીએ જુલાઈમાં એક સંયુક્ત નિવેદન સાથે જાહેરાત કરી હતી કે બંનેએ પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે, આ સાથે બંનેએ એમ પણ કહ્યું કે તેઓ તેમના પુત્ર અગસ્ત્યના ઉછેર માટે હંમેશા સાથે રહેશે.

# મુન્નાભૈયાની જબરજસ્ત વાપસી સાથે ૨૦૨૬માં સિનેમાઘરોમાં થશે રિલીઝ

**અલી ફઝલ, પંકજ ત્રિપાઠી, દિવ્યેન્દુ શર્મા જેવા સ્ટાર્સને ચમકાવતી આ સિરીઝ દર્શકોની ફેવરિટ સિરીઝ છે**

એમેઝોન પ્રાઈમની વેબ સિરીઝ ‘મિર્ઝાપુર’ મોટા પડદા પર આવવાની છે. પરંતુ, તે વેબ શોના રૂપ નહિ, ફિલ્મના રૂપમાં સ્ક્રીન પર આવશે. તેની પ્રથમ ઝલક જાહેર કરવામાં આવી છે. મિર્ઝાપુર ધ ફિલ્મઃ એમેઝોન પ્રાઈમની વેબ સિરીઝ ‘મિર્ઝાપુર’ OTT પર હિટ રહી હતી. તેની ત્રણ સિઝન આવી ગઈ છે અને તેને તમામ દર્શકો તરફથી ઘણો પ્રેમ મળ્યો છે. અલી ફઝલ, પંકજ ત્રિપાઠી, દિવ્યેન્દુ શર્મા જેવા સ્ટાર્સને ચમકાવતી આ સિરીઝ દર્શકોની ફેવરિટ સિરીઝ છે. આવી સ્થિતિમાં ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે કે મેકર્સ આ સિરીઝને ફિલ્મનો આકાર આપી શકે છે, જે હવે સ્પષ્ટ થઈ ગયું છે. તે એક ફિલ્મના રૂપમાં મોટા પડદે હિટ થવા જઈ રહી છે, જેમાં ફરી એક વાર આપણે કાલિન ભૈયા, મુન્ના ભૈયા અને ગુડ્ડુ પંડિતને પડદા પર જોવા મળશે. આ ફિલ્મનું ટાઈટલ ‘મિર્ઝાપુર ધ ફિલ્મ‘ રાખવામાં આવ્યું છે. ‘મિર્ઝાપુર ધ ફિલ્મ‘ને લઈને સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે અને તેની પ્રથમ ઝલક પણ બતાવવામાં આવી છે. એક્સેલ મૂવીઝે આ ફિલ્મનું ટીઝર સોશિયલ મીડિયા પર શેર કર્યું છે. આમાં કાલિન ભૈયા, ગુડ્ડુ પંડિત અને મુન્ના ભૈયાના જબરદસ્ત એક્સપ્રેશન્સ જોઈ શકાય છે. આમાં સૌ પ્રથમ પંકજ ત્રિપાઠી કાલિન ભૈયાના રોલમાં જોવા મળે છે, જે સિંહાસનના મહત્વ, સન્માન અને શક્તિ વિશે વાત કરે છે. પછી અલી ફઝલ ગુડ્ડુ પંડિતના રોલમાં આવે છે અને કહે છે, ‘રિસ્ક લેવું એ અમારી યુએસપી છે.’ તે રમત બદલવાની વાત પણ કરે છે કે હવે મિર્ઝાપુર કોઈની પાસે નહીં આવે પણ બધાને મિર્ઝાપુર જવું પડશે. મુન્ના ભૈયા અને કમ્પાઉન્ડરની પણ એન્ટ્રી, આ પછી મુન્ના ભૈયા એટલે કે દિવ્યેન્દુ શર્માની એન્ટ્રી થાય છે અને તે કહે છે, ‘બે હિન્દી ફિલ્મોનો હીરો છે. તમે કહ્યું કે અમે અમર છીએ. પછી છેલ્લે અભિષેક બેનર્જીની એન્ટ્રી થાય છે એટલે કે ‘મિર્ઝાપુર’ના કમ્પાઉન્ડર. તે બધા પોતપોતાની ભૂમિકામાં અદભૂત દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં, વેબ સિરીઝ પછી, આ બધા પાત્રોને ફરી એકવાર ફિલ્મમાં જોવાનું રસપ્રદ રહેશે. ‘મિર્ઝાપુર ધ ફિલ્મ‘ ક્યારે રિલીઝ થશે? ફિલ્મ ‘મિર્ઝાપુર ધ ફિલ્મ‘નું ટીઝર શેર કરવાની સાથે કેપ્શન પણ લખવામાં આવ્યું છે કે, ‘હવે સમય મોટો થશે અને પડદો પણ મોટો થશે. મિર્ઝાપુર ફિલ્મ ટૂંક સમયમાં આવી રહી છે. ફિલ્મની પ્રથમ ઝલક સામે આવ્યા બાદ ચાહકો ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા છે અને ઉગ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેઓ તેના રિલીઝ અને ટ્રેલરની રાહ જોવા લાગ્યા છે. ફિલ્મની રિલીઝની વાત કરીએ તો, ટીઝરમાં માહિતી શેર કરવામાં આવી છે કે તે ૨૦૨૬માં સિનેમાઘરોમાં રિલીઝ થશે.



# ડાયરેક્ટરના પુત્ર અગ્નિ ચોપરાનું નસીબ ચમકશે!

બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર વિધુ વિનોદ ચોપરાનો દીકરો અગ્નિ ચોપરા હાલમાં રણજી ટ્રોફીમાં રનનો ઢગલો કરી રહ્યો છે. અગ્નિ ચોપરા શાનદાર બેટિંગ કરી રહ્યો છે.અગ્નિ ચોપરાના પિતા વિધુ વિનોદ ચોપરા બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર છે. તેમણે ૩ ઈડિયટ્સ ફિલ્મ બનાવી છે. હવે તેનો દિકરો અગ્નિ ક્રિકેટમાં ધમાલ મચાવવા તૈયાર છે.રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં મિઝોરમ તરફથી રમતા અગ્નિ ચોપરાએ અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ રમાયેલી ૨ ઈનિંગ્સમાં સદી ફટકારી છે. તેમણે પહેલી ઈનિંગ્સમાં ૧૧૦ અને બીજી ઈનિંગ્સમાં ૨૩૮ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. આ પહેલા અગ્નિ ચોપરાએ સિક્કમ વિરુદ્ધ ૫૧ અને ૨૯ રન બનાવ્યા હતા. અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ તેમણે બેવડી સદી ફટકાર્યા બાદ આઈપીએલ ઓક્શનમાં પણ પોતાની દાવેદારી મજબુત કરી લીધી છે. જેમાં ૩ ળેન્ચાઈઝીએ તેમને આઈપીએલ ૨૦૨૪ ઓક્શનમાં ખરીદી શકે છે.મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે. કારણ કે, અગ્નિએ મુંબઈ માટે જૂનિયર ક્રિકેટ રમ્યો છે.આ સિવાય આરસીબી અને પંજાબ પણ બોલી લગાવી શકે છે.અગ્નિએ ગત્ત સીઝનમાં મેઘાલય વિરુદ્ધ સદી ફટકારી હતી. તેમણે ૧૦૫ રન બનાવ્યા હતા. અત્યારસુધી રમાયેલી ૮ ફર્સ્ટ ક્લાસ મેચોમાં તેણે ૯૧.૧૩ની એવરેજથી ૧૩૬૭ રન બનાવ્યા છે.



# સલમાન-શાહરુખ ફરી એકવખત એક સ્ક્રીન પર દેખાશે



અભિનેતા સલમાન ખાન અને શાહરૂખ ખાનની ફિલ્મ ‘કરન અર્જુન’ થિયેટરોમાં ચાહકો માટે ફરીથી રિલીઝ થઈ રહી છે. સલમાન ખાને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ફિલ્મની રિલીઝ ડેટ અને ટીઝર શેર કર્યું છે. બોલિવૂડ એક્ટર સલમાન ખાન અને શાહરૂખ ખાનની ફિલ્મ ‘કરન અર્જુન’ના ડાયલોગ્સ અને ગીતો ચાહકોને પસંદ છે. નિર્માતાઓએ ફિલ્મને ફરીથી રિલીઝ કરવાની જાહેરાત કરી છે. આ ફિલ્મ ૨૨ નવેમ્બરના રોજ રીલિઝ થશે. ફિલ્મનું નવું ટીઝર રિલીઝ થઈ ગયું છે. સલમાન ખાને શેર કર્યું, ફિલ્મનું ટીઝર, સલમાન ખાને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સલમાન ખાન અને શાહરૂખ ખાનની ફિલ્મનું નવું ટીઝર શેર કર્યું છે. તેને શેર કરતા તેણે લખ્યું, ‘રાખીજીએ સાચું કહ્યું હતું કે, મારો કરણ અર્જુન ફિલ્મમાં આવશે. ૨૨ નવેમ્બરના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં. સલમાન ખાન અને શાહરૂખ ખાનના ચાહકો પણ ફિલ્મ જોવા માટે ઉત્સાહિત છે. ‘કરન અર્જુન’ હતી હિટ ફિલ્મ, આ ફિલ્મમાં સલમાન અને શાહરૂખ ખાન સાથે કાજોલ, રાખી, મમતા કુલકર્ણી અને અમરીશ પુરીએ શાનદાર અભિનય કર્યો હતો. આ ફિલ્મનું નિર્દેશન રાકેશ રોશને કર્યું હતું. ૧૯૯૫માં રિલીઝ થયેલી આ ફિલ્મને પહેલીવાર મોટા પડદા પર લાવવામાં આવી હતી. આ ફિલ્મમાં શાહરૂખ ખાન અને સલમાન ખાન સાથે જોવા મળ્યા હતા. આ ફિલ્મે ૭૬ અઠવાડિયા સુધી સિનેમાઘરોમાં જોરદાર ધૂમ મચાવી હતી. અમરીશ પુરી વિલન બન્યા, આ ફિલ્મમાં અમરીશ પુરીએ વિલનની ભૂમિકા ભજવી હતી. ફિલ્મમાં તેના પાત્રનું નામ દુર્જન સિંહ હતું. ચાહકોને ફિલ્મના ડાયલોગ્સ પણ પસંદ આવ્યા છે. પુનર્જન્મ અને બદલો પર આધારિત આ ફિલ્મ બે ભાઈઓ કરણ અને અર્જુનની વાર્તા છે. જે પારિવારિક ઝઘડાને કારણે અલગ થઈ જાય છે. જ્યારે તેઓ ન્યાય અને મુક્તિની શોધ કરે છે ત્યારે ભાગ્ય તેમને તેમના આગામી જીવનમાં ફરીથી જોડે છે.

### વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળીને આફ્રિકન ડેલીગેશન અભિભૂત થયું

# આફ્રિકન દેશોના મીડિયા પ્રતિનિધિ મંડળના ૩૨ જેટલા પત્રકારો એકતાનગરની મુલાકતે પધાર્યા

### વિદેશી મીડિયા ડેલીગેટ્સ સાથે સંવાદ સાધી પુનઃ પધારવા આમંત્રણ પાઠવતા સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી શ્રી ઉદિત અગ્રવાલ



। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

મધ્ય અને પશ્ચિમ આફ્રિકાના દેશના વિદેશી પ્રવાસી પ્રતિનિધિ મંડળ ગરવી ગુજરાતના પાંચ દિવસના પ્રવાસે તા. ૨૬ થી ૩૦ ઓકટોબર દરમ્યાન ગુજરાતના વિવિધ મહત્વના સ્થળોની સ્ટડી ટુર માટે પધાર્યા છે. તેમાં એક દિવસની નર્મદા જિલ્લાની મુલકાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વ પ્રવાસન સ્થળ ખાતે પધાર્યા હતા. આ પ્રતિનિધિ મંડળના ૩૨ જેટલા મિડીયા કર્મીઓ સામેલ થયા હતાં.

આ પ્રતિનિધિ મંડળ- ગુજરાતના અમદાવાદ હેરીટેજ સીટી, સહકારી ક્ષેત્રે ખ્યાતીપ્રાપ્ત આણંદ અમૂલ ડેરીની મુલાકાત લઈને આજે તા. ૨૭/૧૦/૨૦૨૪ ના રોજ બપોરે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. સરદાર સાહેબના સાનિધ્યમાં સરદાર સરોવર ડેમ, નર્મદા રિવર, પ્રાકૃતિક સૌંદર્ય અને એકતાનગરના વિવિધ પ્રકલ્પોને અને સરદાર સાહેબના જીવ કવનની ઝાંખી કરાવતો લેશર શો પણ નિહાળ્યો હતો. વિવિધતામાં એકતાના દર્શન કરાવતા એકતાનગરનો વિકાસ નજરે નિહાળી વિદેશી પ્રવાસીઓ અભિભૂત થયા હતા. એક ભારત શ્રેષ્ઠ ભારત, યુનિટી વોલ અને પ્રદર્શની જોઈને આનંદવિભોર બન્યા હતા. દિલથી સેલ્ફી લઈ પોતાના મોબાઈલમાં પ્રાકૃતિક નજારાને યાદગીરી અર્થે કેમેરામાં કેદ કરીને એકતા નગરના કાયમી સંભારણાને યાદગીરીરૂપે અલગ-અલગ જગ્યાની તસ્વીરો કંડારી હતી. વિદેશી મીડિયા ડેલીગેટ્સ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી શ્રી ઉદિત અગ્રવાલ અને સરદાર સરોવર નર્મદા ડેમના ચેરમેનશ્રી મુકેશ પૂરીએ સરદાર સાહેબના જીવન કવન દર્શાવતા થિયેટરમાં બેસીને મોકળાશથી વાત ચીત કરી સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી સ્થાનિક કક્ષાએ થયેલા રોજગારી સર્જન અને પ્રવાસન માટે લોકોને આકર્ષિત કરી રહેલા પ્રોજેક્ટ અંગે માહિતી આપી હતી. ગુજરાતમાં અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વારંવાર પધારવા આમંત્રણ પાઠવી યાદગીરી રૂપે સરદાર સાહેબની પ્રતિકૃતિ આપી હતી. વિદેશ મીડિયા ડેલીગેટ્સે પણ ભારોભાર આભાર માન્યો હતો. એકતાનગરના ટુંકા પ્રવાસ બાદ તેઓ અમદાવાદ જવા રવાના થયા હતાં.

### ૩૨૬ તાલીમાર્થીઓને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરાયા

# માંડવી ITI ખાતે શ્રમ, કૌશલ્ય રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને કૌશલ્ય દીક્ષાંત સમારોહ યોજાયો

### તાલીમાર્થીઓને ઉધમ સાહસિકતા અને કૌશલ્ય સાથે આગળ વધવા પ્રોત્સાહિત કરાયા



। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

માંડવી ઔદ્યોગિક તાલીમ સંસ્થા-ITI ખાતે શ્રમ, કૌશલ્ય,આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને તેમજ સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં કૌશલ્ય દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં વિવિધ ટ્રેડના ૩૨૬ તાલીમાર્થીઓને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

તાલીમાર્થીઓને ઉધમ સાહસિકતા અને કૌશલ્ય સાથે આગળ વધવા પ્રોત્સાહિત કરાયા હતા. રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ઉપક્રમે આયોજિત સમારોહમાં મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. પરિશ્રમરૂપી પારસમણિના સ્પર્શથી જ સુખી થઈ શકાય છે. સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસ) સાથે યુવાનોમાં સોફ્ટ સ્કિલ્સ હોવી પણ એટલી જ જરૂરી છે.

આઈટીઆઈ સંસ્થાઓમાં હવે કૌશલ્ય પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષણમાં સ્કિલીંગ, અપસ્કિલીંગ અને રિ-સ્કિલીંગની પેટર્ન છે, જેને અનુસરવી અતિ આવશ્યક છે. આ પદ્ધતિ કુશળ બનવું, સતત શીખતાં રહેવું અને કૌશલ્યને સતત અપગ્રેડ કરતા રહેવાનું શીખવે છે એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ માની રહ્યું છે કે ૨૧મી સદી ભારતની સદી છે અને તેની પાછળનું મોટું કારણ ભારતની યુવા વસ્તી છે. ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહી છે. સરકારના અનેકવિધ યુવા કલ્યાણના પગલાઓથી શિક્ષિત યુવા માટે રોજગાર અને સ્વરોજગારની વધુ નવીન તકો ઊભી થશે. સાંસદ પ્રભુભાઈ વસાવાએ તાલીમાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. નોંધનીય છે કે, માંડવી ITI ખાતે ફિટર, ઈલેક્ટ્રીશયન, વાયરમેન, વેલ્ડર, મિકે.ડીઝલ એન્જીન, કોપા, સ્યુંગ ટેક્નોલોજી, બેઝિક કોસ્મેટોલોજી, હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર, AOCP ના ટ્રેડવાઈઝ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. ITI દ્વારા તાલીમાર્થીઓને ભવિષ્યમાં ઉદ્યમ સાહસિકતા, એપ્રેન્ટીસ યોજના અને રોજગારી પ્રાપ્ત કરવા જરૂરી માર્ગદર્શન સાથે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય બી.એસ.ગામીત, ફોરમેન ઈન્સ્ટ્રક્ટર સર્વશ્રી કે. કે. ચૌધરી, એસ.બી.ચૌધરી, વાય.જી. ગામીત, એ.એલ.ચૌધરી સહિત સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરો, તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ, અસારવા અને સાબરમતી સ્ટેશન પર ૬ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટ પર પ્રતિબંધ

। અમદાવાદ, તા.૨૮ ।

આગામી તહેવારોની સિઝન દરમિયાન વધુ સારી ભીડ વ્યવસ્થાના ભાગરૂપે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, અસારવા અને સાબરમતી સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર તાત્કાલિક અસરથી કામચલાઉ પ્રતિબંધ લગાવામાં આવ્યો છે. આ પગલાનો હેતુ પ્લેટફોર્મ પર ભીડને નિયંત્રિત કરવાનો અને સ્ટેશન પરિસરમાં મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવાનો છે.

દિવાળી તહેવાર અને છઠ પૂજા દરમિયાન પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પરનો પ્રતિબંધ તાત્કાલિક અસરથી ૬ નવેમ્બર ૨૦૨૪ સુધી લાગુ રહેશે.

મુસાફરીને સરળ બનાવવા માટે, વરિષ્ઠ નાગરિકો અને તબીબી સંબંધી જરૂરિયાત વાળા લોકોને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે. મુસાફરોને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ તહેવાર દરમિયાન સરળ અને સલામત મુસાફરી અનુભવ માટે તે મુજબ આયોજન કરે અને નવા નિયમોનું પાલન કરે.

## શ્રી અંબુભાઇ પુરાણી હાઇસ્કુલ DLSS ની વિદ્યાર્થીનીઓએ વોલીબોલ ટુર્નામેન્ટ થકી જિલ્લાનું ગૌરવ વધાર્યું



। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

નર્મદા જિલ્લાનાની શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ DLSS વડીયા રાજપીપલામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ વોલીબોલની રમતમાં શાળા કક્ષાએ પગરવ માંડતા-માંડતા તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાની રમતમાં પસંદગી પામીને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ખૂબ જ ઉજ્જવળ પ્રદર્શન કરી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. તા.૨૫ ઓક્ટોબરના રોજ મહેસાણા (પાંચોટ) ખાતે યોજાયેલ SGFI રાજ્ય કક્ષાની વોલીબોલ ટુર્નામેન્ટમાં અન્ડર-U-17 નર્મદા ગર્લ્સએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. વિજેતા વિદ્યાર્થીઓને સંપૂર્ણ તાલીમ District level sports school (DLSS) કોચ લતાબેન અને ટ્રેનર્સશ્રી આશિષભાઈ પાસે મેળવી છે. આ સિધ્ધિ બદલ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના મહામંત્રી શ્રી કરણસિંહ ગોહિલશ્રી, શાળાના આચાર્યશ્રી જીગેશભાઈ પટેલે અભિનંદન પાઠવી ભવિષ્યમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં નોડલ અધિકારીઓ સુચારૂ આયોજન અને અમલવારી કરે – જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

આગામી તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ ખાતમૂહર્ત આરંભ ૬ : ૦૦ નર્મદા આરતી પૂજ્ય સરદાર સાહેબની જન્મ જયંતિ નિમિત્તે સરદારની પ્રતિમાની પદ પુજા અને રાષ્ટ્રીય પરેડ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પરેડ માર્ચ પાસ્ટ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. તેના અનુસંધાને આજે સવારે એ.એસ.એલ. અને સાંજે ૪:૦૦ કલાકે ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ સહકારી બેંક લી. (સહકાર ભવન) ખાતે જિલ્લા કલેક્ટરશ્રી સંજય મોદીની અધ્યક્ષતામાં કાર્યક્રમની ઉજવણીની વિવિધ સમિતિઓ જેવી કે, આયોજન સમિતિ તૈયારી અને મુલ્યાંકન સમિતિ પરેડ કમિટી સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ આરંભ કાર્યક્રમ બેઠક વ્યવસ્થા સમિતિ પાસ સમિટી, સિક્યુરીટી કમિટી રહેઠાણ સમિતિ, વાહન સમિતિ, ભોજન સમિતિ, સેનિટેશન સમિતિ, હેલીપેડ સમિતિ, કાયદો વ્યવસ્થા સમિતિ જેવી વિવિધ સમિતિઓ બનાવીને નોડલ અધિકારી-સહ નોડલ અને સભ્યો તથા એડીશનલ કલેક્ટર, નાયબ કલેક્ટર અને મામલતદાર જેવા વર્ગ-૧,૨,૩ ના કર્મચારીઓને આ વિવિધ સમિતિઓમાં મુકવામાં આવ્યા છે.

### દિવાળી પર્વે, વતન તરફની; ખુશીઓની સલામત સવારી" દિવાળી એક્સ્ટ્રા બસોનું સંચાલન

# શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ લીલી ઝંડી આપી એક્સ્ટ્રા બસોને પ્રસ્થાન કરાવ્યું

### તા.૩૦ ઓક્ટોબર સુધી સુરતથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ વધારાની ૨૨૦૦ બસો દોડાવવાનું આયોજન






। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

દિવાળીના પર્વને લઈને સુરતમાં વસતા સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, પંચમહાલના વતની સૌ પરિવારોને તેમના ગંતવ્ય સ્થળ સુધી સુગમ, સલામત અને સમયબદ્ધ રીતે પહોંચવા માટે સુરત એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોને તેમના માદરે વતન સુધી સલામત પહોંચાડવા માટે વધારાની ૨૨૦૦ બસો શરૂ કરવામાં આવી છે. આ વિશેષ સેવા દ્વારા મુસાફરો પોતાના વતનમાં તહેવારોની ઉજવણી હમવતનીઓ તેમજ પરિવારજનો સાથે કરી શકે એવો પ્રયત્ન રાજ્ય સરકાર અને એસ.ટી. વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે, ત્યારે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ(ધારૂકા કોલેજ), વરાછા રોડ ખાતેથી લીલી ઝંડી આપી એક્સ્ટ્રા બસોને પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રીશ્રી અને મેયર દક્ષેશભાઈ માવાણી, સુરત એસ. ટી. વિભાગીય નિયામકશ્રી પી.વી. ગુર્જર અને મહાનુભાવોએ ડ્રાઈવરોને મીઠાઈ દ્વારા મોં મીઠું કરાવ્યુ હતું તેમજ મુસાફરો સાથે આત્મીય સંવાદ કરીને સૌને સુખમય અને સુરક્ષિત મુસાફરીની તેમજ દિપાવલી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. તા.૨૬થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સુરતથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ વધારાની ૨૨૦૦ બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-સુરત વિભાગ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીનું પર્વની ઉજવણી માદરે વતન પોતાના પરિવાર સાથે હર્ષોલ્લાસ સાથે કરી શકે એવા શુભ આશયથી સુરતમાં વસતા સૌરાષ્ટ્ર, પંચમહાલ, ઉત્તર ગુજરાતના મુસાફરો માટે એક્સ્ટ્રા એસ.ટી.બસો શરૂ કરાઈ છે. સુરતથી સૌરાષ્ટ્ર(અમરેલી, સાવરકુંડલા, મહુવા, ભાવનગર, ગારીયાધાર, રાજકોટ, જુનાગઢ, ઉના)ની બસો "સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ(ધારૂકા કોલેજ), વરાછા રોડથી ઉપડશે.

# કાંકરેજ તાલુકામાં લાયસન્સ વગર ફટાકડા દારૂખાનાની ધમધમતી જાહેરમાં હાટડીઓ, તંત્ર લાચાર કે હપ્તારાજમાં લોકોના જીવન સાથે


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૮ ।

દિવાળી નવા વર્ષના તહેવારો લોકો શાંતિ કોઈ પણ પ્રકારની દહેશત વગર ઉજવી શકે તે માટે સરકાર દ્વારા જે તે વિસ્તારના જવાબદાર અધિકારીઓ, કર્મચારીઓને સુચના આપી સતર્ક રહેવા જણાવવામાં આવે છે. રાજ્યમાં દિન પ્રતિદિન અપમૃત્યુ ના બનાવો વધી રહ્યા છે.

બેરોજગાર યુવાનો વ્યસનો અને અન્ય રવાડે ચડી રહયું છે તો બીજી બાજુ ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો ઘી, તેલ દૂધ મીઠાઈઓ ફરસાણ વેચાય છતાં સરકાર દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને અન્ય જવાબદાર અધિકારીઓ કર્મચારીઓ હપ્તા રાજમાં લપેટાઈ લોકોના આરોગ્ય સાથે ખુલ્લે આમ ચેડાં કરી રહયા છે. કાંકરેજ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વિસ્ફોટક દારુખાના ફટાકડાની નાની મોટી હાટડીઓ લાયસન્સ કે કોઈજાતના નીતિ નિયમોનું પાલન કર્યા વગર ચાલી રહી છે તો તંત્ર મુકસેવક બની તમાશો જોઈ રહયું છે.આ ફટાકડા દારૂખાનાની લારી કે હાટડીમાં એક ચિનગારી પડે તો મોટી જાનહાની થઈ શકે છે. કાંકરેજ મામલતદાર ચીફ ઓફિસર કે પોલીસ અધિકારીઓ પાલિકાતંત્રથી આ હાટડીઓ લાયસન્સ નિતિ નિયમો પાલન થાય છે? તેની સામાન્ય તપાસ કોણ કરશે.થરા નગરમાં એક બે વેપારી દિવાળી પહેલા બે પાંચ કરોડ રૂપિયાનો ફટાકડા દારૂખાનાનો જથ્થો ઠાલવી તાલુકામાં નાના વેપારીઓને મોડી રાત સુધી વેચે છે તેનાથી તંત્રના સાહેબો અજાણ છે.આ વિસ્ફોટકો અકસ્માતે લોકોના જાનમાલને નુકસાન કરશે ત્યારે મગરના આંસુ સારવા નેતા ઓ અધિકારીઓ દોડશે?? કાંકરેજ ધારાસભ્ય દારૂ સાથે દારુખાના ની રજુઆત કેમ ન કરી??

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. તમારા માતા-પિતાને હળવાશથી લેતા નહીં.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. ઉતાવળા નિર્ણય લેતા નહીં-ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

## નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યના સામાનમાંથી કારતૂસ મળી




। (એજન્સી) શ્રીનગર, તા.૨૮ ।

નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યના સામાનમાંથી કારતૂસ મળી આવી હતી. જે બાદ એરપોર્ટ પરથી તેમની અટકાયત કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના બિજબેહરાના ધારાસભ્ય અને નેશનલ કોન્ફરન્સના નેતા બશીર અહેમદ વીરીની બેગમાંથી પિસ્તોલની બે ગોળીઓ મળી આવી છે, ત્યારબાદ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.જમ્મુ અને કાશ્મીરના બિજબેહરા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય અને નેશનલ કોન્ફરન્સના નેતા બશીર અહેમદ વીરીને શ્રીનગર એરપોર્ટ પર કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. એરપોર્ટ પર તેના સામાનમાંથી બે પિસ્તોલની ગોળીઓ મળી આવી હતી. સુરક્ષા દળોએ તેમની પાસેથી પિસ્તોલની બે ગોળીઓ મળી આવી છે. વિશ્વસનીય સૂત્રોએ માહિતી આપી છે કે જમ્મુ જઈ રહેલા વીરીને એરપોર્ટ પર નિયમિત સુરક્ષા તપાસ દરમિયાન અટકાયતમાં લેવામાં આવ્યો હતો. ધારાસભ્યને પૂછપરછ માટે તાત્કાલિક હુમહામા પોલીસ ચોકીમાં લઈ જવામાં આવ્યા હતા. આ ગોળીઓ તેમના કબજામાં કેવી રીતે આવી તે જાણવા પોલીસે સઘન તપાસ શરૂ કરી છે. જો કે, સૂત્રોએ જણાવ્યું હતું કે વીરી પાસે લાયસન્સવાળી પિસ્તોલ હતી અને હથિયારમાંથી બે ગોળીઓ અકસ્માતે તેની બેગમાં રહી ગઈ હતી. અધિકારીઓએ કહ્યું કે તપાસ ચાલુ છે અને વિગતવાર માહિતી મળ્યા બાદ વધુ માહિતી આપવામાં આવશે. ૫૭ વર્ષીય નેશનલ કોન્ફરન્સના નેતા વ્યવસાયે મેડિકલ ડોક્ટર અને સામાજિક કાર્યકર છે. જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં બશીર અહેમદ વીરે બિજબેહરા વિધાનસભા બેઠક પરથી જંગી જીત નોંધાવી હતી. વીરીએ ચૂંટણીમાં મહેબૂબા મુફ્તીની આગેવાની હેઠળના પીડીપી નેતા ઈલ્તિજા મુફ્તીને મોટા મતોથી હરાવ્યા હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, વીરીની કુલ જાહેર કરેલી સંપત્તિ રૂ. ૨.૬ કરોડ છે, જેમાંથી જંગમ સંપત્તિ રૂ. ૭૪.૫ લાખ અને સ્થાવર મિલકત રૂ. ૧.૯ કરોડ છે.

## તાજમહેલ કરતા પાંચ ગણો મોટો એસ્ટેરોઇડ આજે પૃથ્વી પર ત્રાટકી શકે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

એક વિશાળકાય એસ્ટેરોઈડ પૃથ્વીની ૨૮ ઓક્ટોબરે ખૂબ નજીક પહોંચવા જઈ રહ્યો છે અને તે ત્રાટકી શકે છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ આ અંગે એલર્ટ જાહેર કર્યુ છે. નાસાની ટીમ અવકાશમાં સક્રિયપણે નજર રાખી રહી હતી, તે દરમિયાન તેને એસ્ટેરોઈડના માર્ગ વિશે માહિતી મળી છે. NASAએ તેને Asteroid 2020 WG નામ આપ્યું છે, જેનું કદ ૫૦૦ ફૂટ છે. નિષ્ણાતોએ પુષ્ટિ કરી છે કે હાલમાં અવકાશી પદાર્થ તરફથી કોઈ ખતરો નથી, પરંતુ તેના પર નજર રાખવામાં આવી રહ્યું છે.નાસાએ જણાવ્યું છે કે આ એસ્ટેરોઈડ તાજમહેલ કરતા ૫ ગણો મોટો છે અને તે ૨૮ ઓક્ટોબરે પૃથ્વીની સૌથી નજીક પહોંચશે. ૩૩,૯૪૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે અવકાશમાં મુસાફરી કરતો આ એસ્ટેરોઈડ પૃથ્વીથી ૩૩.૩ લાખ કિલોમીટર દૂર સુધી પહોંચશે. તેના કદ અને ભ્રમણકક્ષાના કારણે, ૨૦૨૦ WG ખતરનાક એસ્ટરોઈડની શ્રેણીમાં આવે છે, પરંતુ પૃથ્વીથી તેનું અંતર જોતાં તેના કારણે હાલમાં પૃથ્વી પર કોઈ ખતરો નથી. નાસા અનુસાર, જો ૨૦૨૦ WG જેવું વિશાળ ૫૦૦ ફૂટનો એસ્ટરોઈડ પૃથ્વી સાથે ટકરાશે તો તે વિનાશક સાબિત થઈ શકે છે. આ લાખો ટન TNTની સમકક્ષ વિસ્ફોટક ઊર્જા છોડશે. આ જ કારણ છે કે તાત્કાલિક કોઈ ખતરો ન હોવા છતાં નાસાની મોનિટરિંગ ટીમ તેની દરેક હિલચાલ પર નજર રાખી રહી છે. નાસાએ જણાવ્યું હતુ કે આ પહેલા ૨૬ ઓક્ટોબરે ૧૧૦ ફૂટનો મોટો એસ્ટેરોઈડ ૨૦૨૪ પૃથ્વીની નજીકથી પસાર થયો હતો. તે તેના સૌથી નજીકના બિંદુએ પૃથ્વીથી ૧૧,૭૬૪ કિલોમીટરના અંતરે હતો.

# બંધકોને હજુ સુધી છોડાવી નથી શક્યા, 'શેમ ઓન યુ'

### ગાઝામાં હમાસના આતંકીઓ સામે ઈઝરાયલનું યુદ્ધ મધ્ય-પૂર્વમાં વધુ વિસ્તર્યું છે અને હવે ઈરાન પણ ઈઝરાયેલના હુમલાની ઝપેટમાં આવી ગયું છે

। (એજન્સી) તેલઅવીવ, તા.૨૮ ।

ગાઝામાં હમાસના આતંકીઓ સામે ઈઝરાયલનું યુદ્ધ મધ્ય-પૂર્વમાં વધુ વિસ્તર્યું છે અને હવે ઈરાન પણ ઈઝરાયેલના હુમલાની ઝપેટમાં આવી ગયું છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ ઈરાન પર શનિવારે થયેલા હુમલાને સફળ ગણાવ્યા હતા. જોકે, આ અંગે ભાષણ આપતી વખતે નેતન્યાહુ વિરુદ્ધ જ ઈઝરાયેલની પ્રજાએ 'શેમ ઓન યુ'નો સૂત્રોચ્ચાર કરતા તેમણે ભાષણ પડતુ મુકવું પડયું હતું. બીજીબાજુ ઈરાનમાં પણ ટોચના ધાર્મિક વડા આયાતોલ્લાહ ખામનેઈ પદ પરથી દૂર થઈ રહ્યા હોવાના અહેવાલો છે. આ માટે તેમની કટ્ટરવાદી વિચારસરણી સામે પ્રજાનો રોષ કારણભૂત હોવાનો દાવો કરાઈ રહ્યો છે.હમાસના આતંકીઓએ ગયા વર્ષે ઈઝરાયેલ પર અચાનક હુમલો કરીને ૧૨૦૦ લોકોને મારી નાંખ્યા હતા અને ૨૫૦ લોકોના અપહરણ કરી ગાઝામાં લઈ ગયા હતા. એક વર્ષ થઈ જવા છતાં ઈઝરાયેલ હજુ સુધી તેના બંધક નાગરિકોને હમાસના આતંકીઓ પાસેથી છોડાવી શક્યું નથી. જોકે, ઈરાનના ૧ ઑક્ટોબરના હુમલાના જવાબમાં ઈઝરાયેલે



શનિવારે વહેલી સવારે ઈરાનના ત્રણ સ્થળો પર ૧૦૦થી વધુ ફાઈટર જેટ્સથી હુમલા કરી મોટું નુકસાન પહોંચાડયું હતું.હમાસના આતંકીઓના ઈઝરાયેલ પર હુમલાને એક વર્ષ પૂરું થયું છે ત્યારે આ હુમલામાં માર્યા ગયેલા લોકોની યાદમાં યોજાયેલી સભાને વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ સંબોધન કરી રહ્યા હતા. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ થઈ રહ્યું હતું. તેમણે કહ્યું, ઈરાન પર શનિવારે વહેલી સવારે થયેલા હુમલાએ તેનું લક્ષ્ય પૂરું કર્યું છે. ઈરાનને મોટાપાયે નુકસાન થયું છે. જોકે, આ જ સમયે કેટલાક લોકોએ 'શેમ ઓન યુ'નો સૂત્રોચ્ચાર કર્યો હતો, જેથી નેતન્યાહુએ તેમનું ભાષણ અધવચ્ચે રોકવું પડયું હતું.નેતન્યાહુ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરનારા લોકો હમાસના હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનો હતા. આ દેખાવોમાં હમાસના આતંકીઓએ અપહૃત કરેલા ઈઝરાયલી નાગરિકોના પરિવારજનો પણ જોડાયા હતા. તેઓ હમાસના આતંકી હુમલાને રોકી નહીં શકવા માટે નેતન્યાહુને જવાબદાર માને છે. હમાસના આતંકીઓએ જેમના અપહરણ કર્યા છે તે લોકોના પરિવારજનો પણ આ દેખાવોમાં જોડાયા હતા. આમ, બંધકોને છોડાવવામાં નિષ્ફળતા બદલ નેતન્યાહુ વિરુદ્ધ પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. બીજીબાજુ ઈરાન પર ઈઝરાયલના હુમલાના ૨૪ કલાક પછી તહેરાનમાં તેના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામનેઈ નિવૃત્ત થઈ રહ્યા હોવાના સમાચારે ભારે હોબાળો મચાવી દીધો છે.

### ઈઝરાયેલના વડાપ્રધાન બેન્ઝામિનની હુમલાઓ સંદર્ભ પ્રથમ સાર્વજનિક ટિપ્પણી

# ઈરાન પર હુમલા કરીને ઈઝરાયલે તમામ લક્ષ્ય પૂર્ણ કર્યાઃ નેતન્યાહૂ

### અમે ઈરાનની સુરક્ષા ક્ષમતાઓ અને અમારા તરફ ટાર્ગેટેડ મિસાઈલોના ઉત્પાદન કરવાની તેમની ક્ષમતાઓને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું છે

। (એજન્સી) તેલઅવીવ, તા.૨૮ ।

ઈરાન પર હવાઈ હુમલાના એક દિવસ પછી ઈઝરાયેલના વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહુએ રવિવારે કહ્યું કે, ઈઝરાયેલે કરેલા હુમલાઓથી ઈરાનને 'ગંભીર નુકસાન' પહોંચ્યું છે અને ઈઝરાયલે પોતાના તમામ લક્ષ્યો હાંસલ કરી લીધા છે. નેતન્યાહુએ હુમલાઓ પર પોતાની પ્રથમ સાર્વજનિક ટિપ્પણીમાં કહ્યું કે, વાયુસેનાએ આખા ઈરાન પર હુમલા કર્યા છે. અમે ઈરાનની સુરક્ષા ક્ષમતાઓ અને અમારા તરફ ટાર્ગેટેડ મિસાઈલોના ઉત્પાદન કરવાની તેમની ક્ષમતાઓને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું છે. આ દરમિયાન ઈરાનના ૮૫ વર્ષીય સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈને કહ્યું કે, આ અધિકારીઓ પર નિર્ભર કરે છે કે એ ઈરાનના લોકોની શક્તિ અને ઈચ્છાને ઈઝરાયેલની સરકાર સુધી કેવી રીતે પહોંચાડવી અને આ રાષ્ટ્ર અને દેશના હિતોની સેવા કરવાની કાર્યવાહી કરે. ખામેનેઈ આ અંગે કોઈ અંતિમ નિર્ણય લેશે કે ઈરાન કેવી રીતે પ્રક્રિયા કરે છે. આ સિવાય, તેલઅવીવની પાસે થયેલા હુમલામાં ડઝનો



લોકો ઘાયલ થયા છે. એક ટ્રક બસ સ્ટોપથી ટકરાઈ હતી, જ્યારે ઈઝરાયેલના કેટલાક નાગરિકો રજા પછી કામ પર પરત ફરી રહ્યા હતા. આ બસ સ્ટોપથી મોસાદનું હેડક્વાર્ટર અને સૈન્ય સ્થળો નજીક છે. ઈઝરાયેલના પોલસ પ્રવક્તા અસી અહરોનીએ જણાવ્યું કે, તેને અમે એક આતંકવાદી હુમલો માની રહ્યા છે. ઈઝરાયેલે ઉત્તર ગાઝા પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા છે, જેમાં મોટાભાગના બાળકો અને મહિલાઓ છે, તેમ પેલેસ્ટાઈનના અધિકારીઓ જણાવ્યું છે.

### હવે કર્મચારી ૨૦ વર્ષમાં જ લઈ શકશે રિટાયરમેન્ટ

# કેન્દ્રીય કર્મચારીઓની નિવૃત્તિ અંગેના નિયમોમાં કેન્દ્ર સરકારે ફેરફાર કર્યો

### આ નિયમ અંતર્ગત કેન્દ્રીય કર્મચારી ૨૦ વર્ષની સર્વિસ પૂરી કર્યા બાદ ગમે ત્યારે વોલેન્ટરી રિટાયરમેન્ટ લઇ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્ર સરકારે હવે કેન્દ્રીય કર્મચારીઓના રિટાયર્મેન્ટનો નિયમ બદલી દીધો છે. હવેથી કેન્દ્રીય કર્મચારીઓ ૨૦ વર્ષમાં જ રિટાયરમેન્ટ લઈ શકે છે. સાથે જ તેમને બધા જ લાભ સામાન્ય રિટાયર્મેન્ટની જેમ જ મળશે. જણાવી દઈએ કે, જાન્યુઆરી ૨૦૦૪માં નેશનલ પેંશન સ્કીમની શરૂઆત કેન્દ્રીય સરકારી કર્મચારીઓ માટે જ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯માં તેને રિવાઈઝ કરવામાં આવ્યું હતું અને હવે તે પ્રાઈવેટ કર્મચારીઓ માટે પણ ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે નેશનલ પેંશન સ્કીમ એક સ્વૈચ્છિક પેંશન યોજના છે, જેનો હેતુ કર્મચારીઓ માટે રિટાયરમેન્ટ ફંડ બનાવવાનો છે. જેને સરકાર અને પેંશન ફંડ રેગ્યુલેટર અને ડેવલપમેન્ટ ઓથોરિટી ચલાવે છે. તાજહેતરમાં જ જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સ અનુસાર કેન્દ્રીય કર્મચારીઓ હવે નેશનલ




પેંશન સ્કીમ અંતર્ગત વોલેન્ટરી રિટાયરમેન્ટ લઈ શકે છે. આ જાણકારી કર્મચારીઓના કલ્યાણ મંત્રાલય અંતર્ગત પેંશન અને પેંશનર્સના વિભાગે આપી છે. જે કર્મચારી કેન્દ્રીય સિવિલ સર્વિસીઝ ૨૦૨૧ના નિયમો અંતર્ગત નેશનલ પેંશન સ્કીમ માં સામલે થાય છે, તેમને આ સર્વિસ મળશે. આ નિયમ અંતર્ગત કેન્દ્રીય કર્મચારી ૨૦ વર્ષની સર્વિસ પૂરી કર્યા બાદ ગમે ત્યારે વોલેન્ટરી રિટાયરમેન્ટ લઈ શકે છે. જેનો અર્થ થાય કે જે પણ કર્મચારી સતત ૨૦ વર્ષ કામ કરે છે, તેઓ રિટાયર્મેન્ટનો ફાયદો ઉઠાવી શકે છે.

# ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહનું એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું

। (એજન્સી) ઈરાન, તા.૨૮ ।

ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામનેઈનું હિબ્રુભાષા એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. ખાતું ખોલ્યાના એક દિવસ બાદ જ આ કાર્યવાહી કરવામાં આવી હતી. એકાઉન્ટ સસ્પેન્ડ કરવા સાથે લખવામાં આવેલી નોટમાં કહેવામાં આવ્યું છે કે, X ના નિયમો તોડવાને કારણે આવું થયું છે. કહેવાય છે કે ખામનેઇ આ એકાઉન્ટ દ્વારા ઈઝરાયલ વિરુદ્ધ નફરત ફેલાવી રહ્યા હતા. આ એકાઉન્ટ પર બે પોસ્ટ કરવામાં આવી છે. પ્રથમ પોસ્ટમાં લખ્યું છે કે દયાળુ અલ્લાહના નામે. બીજી પોસ્ટમાં ઈરાન પર હુમલો કરવા બદલ ઈઝરાયેલને નિશાન બનાવવામાં આવ્યું છે.ઈરાન પર તાજેતરના ઈઝરાયેલ હુમલાનો બદલો લેવાની ધમકી આપ્યાના થોડા કલાકો બાદ જ એકાઉન્ટને સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું, "ઝિયોનિસ્ટ શાસને ભૂલ કરી છે. તેમણે ઈરાનને લગતી તેની ગણતરીમાં ભૂલ કરી છે. અમે



તેને સમજાવીશું કે ઈરાની રાષ્ટ્ર પાસે કેવા પ્રકારની તાકાત, ક્ષમતા શું હશે." X પર ખામનેઈનું મુખ્ય એકાઉન્ટ, જ્યાં તેઓ મુખ્યત્વે અંગ્રેજીમાં અને ઘણીવાર હિબ્રુમાં પોસ્ટ કરે છે, પ્લેટફોર્મ પર લાઈવ છે. તેમની પાસે અરબીમાં પોસ્ટ માટે અલગ એકાઉન્ટ પણ છે. આ ઉપરાંત, અન્ય ટ્વિટર હેન્ડલ 'Khamenei Media' પણ તેમના ભાષણ પોસ્ટ કરે છે, જેને તેમના મુખ્ય એકાઉન્ટ દ્વારા વારંવાર રીટ્વીટ કરવામાં આવે છે. ખામનેઇ તેમના મુખ્ય એક્સ એકાઉન્ટ પર હિબ્રુમાં પોસ્ટ કરે છે. આમાં તે ઈઝરાયેલ વિરુદ્ધ કડક ભાષાનો ઉપયોગ કરે છે. ખામનેઈએ કહ્યું છે કે ઈરાન પર ઈઝરાયેલના હુમલાની ન તો અતિશયોક્તિ કરવી જોઈએ અને ન તો ઓછો આંકવો જોઈએ. જોકે, ખામનેઈએ હુમલા બાદ બદલો લેવાનું આકલન કરવાનું ટાળ્યું હતું. તેમણે કહ્યું કે ઈઝરાયેલના શાસન વિશેની ગેરમાન્યતાઓને દૂર કરવી જોઈએ. ઈરાની રાષ્ટ્ર અને તેના યુવાનોની શક્તિ અને ઈચ્છાશક્તિ વિશે તેમને સમજાવવું મહત્ત્વપૂર્ણ છે. ખામનેઈએ હિબ્રૂ ભાષામાં લખ્યું હતું કે, તે સત્તાધિકારીઓનું કામ છે કે તે નક્કી કરવાનું છે કે ઈરાની લોકોની ઈચ્છા અને શક્તિ વિશે ઈઝરાયેલી શાસનને કેવી રીતે સમજાવવું અને રાષ્ટ્રના હિતોની સેવા કરતા પગલાં કેવી રીતે લેવા. ખામનેઈની ટિપ્પણીઓ સૂચવે છે કે ઈરાન હુમલા અંગે તેના પ્રતિભાવ પર ધ્યાનપૂર્વક વિચાર કરી રહ્યું છે. ઈરાનની સૈન્યએ પહેલેથી જ કહ્યું છે કે ગાઝા પટ્ટી અથવા લેબનોનમાં યુદ્ધવિરામ ઈઝરાયેલ પરના કોઈપણ જવાબી હુમલા કરતાં વધુ સારું છે,

## PHD માટે રૂપિયા એક કરોડ ખર્ચવા છતાં સપના ચકનાચૂર


। તમિલનાડુ, તા.૨૮ ।

બ્રિટનમાં આવેલી ઓક્સફર્ડ યુનિવર્સિટીએ વિશ્વની નંબર વન ઈન્સ્ટિટ્યૂટ બનવાનું બિરુદ મેળવ્યું છે. આ સંસ્થા વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટીઓમાંની એક છે. આ જ કારણ છે કે ભારતમાંથી પણ વિદ્યાર્થીઓ અહીં ભણવા જાય છે. જોકે, હાલમાં જ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં એક ભારતીય વિદ્યાર્થીની સાથે કંઈક એવું બન્યું, જેના કારણે તેનું સપનું ચકનાચૂર થઈ ગયું છે. નવાઈની વાત એ છે કે આ વિદ્યાર્થીનીએ પોતાનું સપનું સાકાર કરવા માટે એક કરોડ રૂપિયા પણ ખર્ચ્યા હતા. એક અહેવાલ મુજબ, તમિલનાડુની એક વિદ્યાર્થીનીએ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અંગ્રેજીમાં પીએચડી કરવા માટે ૧ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યો હતો. પરંતુ વિદ્યાર્થીનીને તેના અભ્યાસક્રમમાંથી બળજબરીથી દૂર કરીને તેને ચોથા વર્ષમાં માસ્ટર કોર્સમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. બ્રિટિશ યુનિવર્સિટીએ આ કરતા પહેલા ભારતીય વિદ્યાર્થીનીની પરવાનગી પણ લીધી ન હતી. આ વિદ્યાર્થીનીનું નામ લક્ષ્મી બાલકૃષ્ણન છે અને તેની પાસે પહેલાથી જ બે માસ્ટર ડિગ્રી છે.ઉલ્લેખનીય છે કે લક્ષ્મી બાલકૃષ્ણનને તેમના ચોથા વર્ષમાં કહેવામાં આવ્યું હતું કે શેક્સપિયર પરનું તેમનું સંશોધન પીએચડી સ્તરનું નથી. જેના કારણે તે પોતાની ડીગ્રી મેળવવામાં નિષ્ફળ પણ રહી છે.

# લક્ષ્મીવિલાસ પેલેસમાં મોદી અને સ્પેનના વડાપ્રધાન વચ્ચે થઇ મુલાકાત

### સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ અને મોદીએ દરબાર હોલમાં જ બંને દેશના વડાપ્રધાન વચ્ચે વ્યાપાર અંગે MOU થયા





। વડોદરા, તા.૨૮ ।

વડાપ્રધાન મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાન્ચેઝ આજે વડોદરાની મુલાકાતે છે. વડોદરાના ઐતિહાસિક લક્ષ્મીવિલાસ પેલેસમાં વડાપ્રધઆન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન વચ્ચે મહામુલાકાત થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટાટા એરબસ એસેમ્બ્લી યુનિટનું લોકાર્પણ કર્યા બાદ સીધા લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે પહોંચ્યા હતા. ત્યાર બાદ લક્ષ્મીવિલાસ પેલેસના દરબાર હોલમાં બંને વચ્ચે મુલાકાત થઈ. સાથે જ બંને નેતાઓએ સાથે લંચ પણ કર્યુ. વડોદરાની મુલાકાતે આવેલા સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ અને PM મોદીએ દરબાર હોલની વિઝીટ લીધી. હોલમાં જ બંને દેશના વડાપ્રધાન વચ્ચે વ્યાપાર અંગે MOU થયા. દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યુ કે ભારત અને સ્પેન વચ્ચે અર્થતંત્ર, સંરક્ષણ, ફાર્મા, આઈટી, વિજ્ઞાન અને ટેક્નોલોજી જેવા ઘણા ક્ષેત્રોમાં સહયોગ છે અને અમે બંને વૈશ્વિક શાંતિ, સમૃદ્ધિ અને સહયોગ પર ભાર આપીએ છીએ. બંને દેશના વડાપ્રધાનને આવકારવા માટે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર શહેરને દુલ્હનની જેમ સજાવી દેવામાં આવ્યું છે. બંનેના સ્વાગતને લઈને સમગ્ર શહેર ભવ્યાતિભવ્ય રોશનીથી ઝળહળી ઉઠ્યું છે. જેથી બરોડીયન્સ માટે તો ૫ દિવસ પહેલાં દિવાળી હોય તેવો માહોલ જામ્યો છે. લક્ષ્મી વિલાસ પેલેસથી લઈને ટાટા એરક્રાફટના યુનિટ સ્થળ સુધીના માર્ગ તેમજ તમામ સર્કલોને અત્યાધુનિક ટેક્નોલોજીવાળી ભવ્યાતિભવ્ય રંગબેરંગી રોશનીથી શણગારી દેવામાં આવ્યા છે. મહત્વનું છે કે વડાપ્રધાન મોદી અને સ્પેનના PM પેડ્રો સાંચેઝે એરપોર્ટથી ખુલ્લી જીપમાં મેગા રોડ શો યોજ્યો. ટાટા એરબસની ફાઈનલ એસેમ્બલી લાઈનનું ઉદઘાટન કરવા માટે વડોદરા પધારેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે આ ભવ્ય રોડ-શો યોજ્યો. રોડ-શોમાં માનવ મહેરામણ ઉમટી પડેલુ જોવા મળ્યુ હતું.










## કે. એન. શાહ ઈન્સ્ટિટ્યુટ દ્વારા દિવાળી પર્વનું સેલિબ્રેશન કરાયું

દિવાળીને ભારતનો સૌથી મોટો તહેવાર માનવામાં આવે છે. આ તહેવાર ભારતના દરેક ભાગમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ તહેવાર પર રંગોળી બનાવવાની પરંપરા સદીઓ જૂની છે. ત્યારે આ શુભ અવસર પર વસ્ત્રાપુર સ્થિત કે.એન.શાહ સંસ્થા દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓએ રંગબેરંગી રંગોળીઓ બનાવી ઉત્સવમાં ભાગ લીધો હતો. ભારતમાં દિવાળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે લોકો તેમના ઘરને રોશની, ફૂલો, દીવા અને રંગોળી જેવી વસ્તુઓથી શણગારે છે. રંગોળી માત્ર ધાર્મિક પરંપરાઓનો જ એક ભાગ નથી પરંતુ તેનું સાંસ્કૃતિક મહત્વ પણ છે. વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારની રંગોળી બનાવવામાં આવે છે. જે તે સ્થળની સાંસ્કૃતિક ઓળખ દર્શાવે છે. રંગોળી એ ભારતીય સંસ્કૃતિનો એક અભિન્ન અંગ છે.

## IPS હસમુખ પટેલને GPSCના ચેરમેન બનાવવામાં આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

IPS હસમુખ પટેલને GPSCના ચેરમેન બનાવવામાં આવ્યા છે. હસમુખ પટેલ ૧૯૯૩ની બેચના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી છે. હાલમાં હસમુખ પટેલ ગુજરાત પોલીસમાં ADGP રેન્કના અધિકારી છે. અગાઉ ૬ ફેબ્રુઆરીના રોજ રાજ્ય સરકારે તેમને GPSSB નો ચાર્જ સોંપ્યો હતો. પોલીસ વિભાગમાં સૌથી વિશ્વાસનીય અને ઈમાનદાર અધિકારી તરીકે હસમુખ પટેલની ગણના થાય છે. હસમુખ પટેલ સોશિયલ મિડીયાના ઉપયોગમાં પણ એક અલગ ઉદાહરણ પુરૂ પાડે છે.

## ભાવનગરમાં પુત્રએ કરી પિતાની હત્યા, રૂપિયા ન આપતા છરીના ઘા ઝીંક્યા

। (એજન્સી) ભાવનગર, તા.૨૮ ।

ભાવનગરમાં પુત્રએ પિતાની હત્યા કરી છે. ઈસ્માઈલ કુરેશીની પુત્રએ હત્યા કરી છે. પિતાએ રૂપિયા ન આપતા પુત્રએ પિતાની હત્યા કરી હતી. પિતાએ રૂપિયા ન આપતા પુત્રએ છરીના ઘા ઝીંક્યા હતા. સારવાર દરમિયાન ઈસ્માઈલ કુરેશીનું મોત થયું હતું. બોળતલાવ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અગાઉ ભાવનગર જિલ્લામાં બનેલી આવી જ ઘટનામાં કળયુગી પુત્ર એ પોતાના વૃદ્ધ પિતાની હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે.જમવા જેવી સામન્ય બાબતે પોતાની માતા સાથે ઝગડો કરતા પુત્રને પિતા એ ઝગડો કરવાનુ ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા પુત્રએ માતા-પિતાને માર માર્યો હતો જેમાં પિતાનું સારવાર દરમિયાન મોત થયું હતું અને તેની વૃદ્ધ માતા નિમુબહેનને નોંધારા કરી નાખ્યા હતા.પોલીસે હત્યારા પુત્રની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધ્યો છે. ભાવનગર જિલ્લાના વરતેજ તાલુકાના શામપરા ખોડિયારમાં રહેતા ટીડાભાઈ રાભડીયાનો પુત્ર ભરત રાભડીયાએ પોતાના જ પિતાની માથાના ભાગે લાકડાનો ધોકો મારી દેતા વૃદ્ધ પિતાનુ સારવાર દરમિયાન મોત નિપજ્યું છે વરતેજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપી પુત્ર ભરત ને જેલ હવાલે કરી નાખ્યો છે. બનાવની વિગત જોઈએ તો ભરત રાભડિયા છૂટક મજૂરી કામ કરતો હોય જેને થોડા દિવસ પહેલા રાત્રીના સમયે જમવા માટે પોતાની માતા સાથે ઝગડો થયો હતો જેથી તેના પિતા ટીડાભાઈએ તેને માતા સાથે ઝગડો ના કરવાનું કહેતા પુત્ર ઉશ્કેરાયેલો હતો અને તેને માતા પિતાના માથે લાકડાના ધોકા વડે માર મારી નાસી છુટયો હતો. માતા પિતા બંને સારવાર માટે ૧૦૮ મારફતે ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા.

## અમદાવાદ રેલવે સ્ટેશન પર ૬ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટ બંધ કરી

### ટ્રેનના ૭૨ સીટનો કોચમાં ૧૦૦થી વધુ લોકો ઘૂસવાની સાથે લોકો ઘેટા બકરાની જેમ વતનમાં જવા મજબુર બન્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

દિવાળીના તહેવારને લઈ હાલ લોકોએ પોતાના વતન ભણી દોટ મૂકી છે. આ દરમિયાન મેટ્રોસિટી અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન ઉપર ભારે ભીડના દ્રશ્યો સામે આવ્યા છે. વિગતો મુજબ અમદાવાદથી વારાણસી જવા માટે યાત્રીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. આ તરફ હવે ૭૨ સીટના કોચમાં ૧૦૦થી વધુ લોકો દાખલ થયા હોય તેવી સ્થિતિ બની છે. મહત્વનું છે કે, દિવાળી અને છઠ પૂજાને લઈને ભારે ભીડ જોવા મળી રહી છે. અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર દિવાળી અને છઠ પૂજાને લઈને ભારે ભીડ જોવા મળી રહી છે. જેમાં ખાસ કરીને અમદાવાદથી વારાણસી જવા માટે ધસારો જોવા મળી રહ્યો છે. જેમાં ટ્રેનના ૭૨ સીટનો કોચમાં ૧૦૦થી વધુ લોકો ઘૂસવાની સાથે લોકો ઘેટા બકરાની જેમ વતનમાં જવા મજબુર બન્યા છે. મહત્વનું છે કે, સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ રેલવે સ્ટેશન પણ ભીડ જોવા મળી રહી છે. દિવાળી વેકેશનમાં લોકોએ હવે વતન ભણી દોટ મૂકતાં બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી રહી છે. આ તરફ હવે મુસાફરોની ભારે ભીડને લઈ હવે રેલવે એ એક મોટો નિર્ણય લેતા ૬ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટ બંધ કરી દીધી છે. જેને લઈ હવે માત્ર મુસાફરોને જ રેલવે સ્ટેશન પર પ્રવેશ મળશે. વિગતો મુજબ અમદાવાદના કાલુપુર, સાબરમતી અને અસારવા પ્લેટફોર્મ પર ટિકિટ બંધ કરવામાં આવી છે.મુસાફરો માટે રેલ્વેએ કરંટ ટિકિટ બુકિંગ નામની નવી સુવિધા શરૂ કરી છે અને તેની મદદથી તમે ટ્રેન ઉપડવાના થોડા સમય પહેલા કન્ફર્મ ટિકિટ મેળવી શકો છો. ટ્રેનનો ચાર્ટ બન્યા બાદ એટલે કે આ કરંટ ટિકિટનું બુકિંગ ટ્રેન ઉપડવાના ચાર કલાક પહેલા શરૂ થઈ જાય છે અને ખાસ ધ્યાન રાખો કે ટ્રેનમાં બર્થ ખાલી હોય ત્યારે જ આ કરન્ટ ટિકિટ મળે છે અને તમે તેને ટ્રેન ઉપડવાના ૫-૧૦ મિનિટ પહેલા સુધી બુક કરાવી શકો છો. રેલવેની કરંટ ટિકિટ લોકો ઓનલાઈન અને ઓફલાઈન બંને બુક કરી શકે છે, જો તમે ઑફલાઈન આ કરંટ ટિકિટ બુક કરવા માંગો છો તો તો તમારે ટિકિટ કાઉન્ટર પર જઈને રિઝર્વેશન ફોર્મ ભરવાનુ રહેશે. જો તમે ઓનલાઈન ટિકિટ બુક કરાવવા માંગો છો તો Irctc વેબસાઈટ અથવા એપમાંથી તમે એ બુક કરવી શકો છો. તેના પર ક્લિક કરીને તમે ટિકિટ બુક કરવી શકો છો.ખાસ ધ્યાનમાં રાખજો કે રૂટની ડિમાન્ડ વધુ છે તેની સરખામણીમાં જે રૂટની ડિમાન્ડ ઓછી છે ત્યાં કરંટ ટિકિટ મળવાની શક્યતાઓ વધુ છે.

### વાવની પેટાચૂંટણી હવે રસપ્રદ બની

## પાઘડીની ઈજ્જત રાખજો, ભાજપમાંથી સ્વરૂપજી ઠાકોરે સમાજને કરી વિનંતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતમાં આ વખતે વાવની પેટાચૂંટણી હવે રસપ્રદ બની રહી છે. ગત લોકસભાની ચૂંટણીમાં ગેનીબેનનું મામેરું ચર્ચામાં આવ્યું હતું. ત્યારે વાવ વિધાનસભા પેટા ચૂંટણીના ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે ઠાકોર સમાજ આગળ પોતાની પાઘડી ઉતારી હતી. સ્વરૂપજીએ પાઘડી ઉતારી સમાજને કહ્યું કે આ પાઘડીની હવે ઈજ્જત તમારે રાખવાની છે. ભાભરમાં ઠાકોર સમાજની બેઠકમાં સ્વરૂપજી ઠાકોરે સમાજને તેમને જીતાડવા અપીલ કરી. વાવ વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવારોના ફોર્મની આજે ચકાસણી થશે. વાવ વિધાનસભામાં ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. કુલ ૨૦ ઉમેદવારોએ ૨૭ ફોર્મ ભર્યા છે, જેની આજે સુઈગામ પ્રાંત કચેરીએ ચકાસણી થશે. આજે ફોર્મ ચકાસણી દરમિયાન ખામી વાળા ફોર્મ રદ થશે. ભાજપ માં સ્વરૂપજી ઠાકોર, કોંગ્રેસમાં ગુલાબસિંહ રાજપુત તેમજ અપક્ષમાં માવજી પટેલ, જામાભાઈ ચૌધરી સહિત અનેક લોકોએ અપક્ષ ફોર્મ ભર્યા છે. ૩૦ ઓક્ટોમ્બર ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ છે. ગત રોજ વાવ વિધાનસભાની પેટા ચૂંટણીને લઈ ભાજપ નેતા અલ્પેશ ઠાકોર ભાભર પહોંચ્યા હતા. ભાભરની ઠાકોર સમાજની વાડી ખાતે ઠાકોર સમાજના આગેવાનો સાથે બેઠક કરી હતી. વાવ વિધાનસભાના ઉમેદવાર સ્વરુપજી ઠાકોરના સમર્થનમાં અલ્પેશ ઠાકોરની બેઠક યોજાઈ હતી. ગેનીબેન ઠાકોરના ગઢ ભાભરમા અલ્પેશ ઠાકોરે પ્રચાર કર્યો હતો.મહત્વની વાત છે કે બનાસકાંઠામાં એક તરફ વાવ વિધાનસભાની પેટા ચૂંટણીનો જંગ જામ્યો છે જેમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર સામે ભાજપના જ બે આગેવાનો પૂર્વ ધારાસભ્ય માવજી પટેલ અને પૂર્વ તાલુકા ભાજપના મહામંત્રી જામાભાઈ ચૌધરીએ અપક્ષ દાવેદારી નોંધાવી છે.

## પોલિટેકનિક કેમ્પસ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ(રિધમ)નું આયોજન કરવામાં આવ્યું

### અરવિંદ વેગડા સહિત ગુજરાતી કલાકારો ઉત્સાહસભેર જોડાયા





। અમદાવાદ, તા.૨૮ ।

તાજેતરમાં પોલિટેકનિક કેમ્પસ, અમદાવાદ ખાતે વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ રિધમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ૩૫થી વધુ અલગ અલગ નાટકો તથા સંગીતની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતી લોકગીતોના ગાયક અરવિંદ વેગડા તથા અનેક ગુજરાતી ફિલ્મના કલાકારોએ ઉત્સાહસભેર હાજરી આપી હતી.

### મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોનું મીડિયા પ્રતિનિધિ મંડળ ૨૯થી ૩૦ ઓકટોબર સુધી ગુજરાતની મુલાકાતે

## મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોના મીડિયા પ્રતિનિધિઓએ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનની મુલાકાત લીધી

। અમદાવાદ, તા.૨૮ ।

મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોનું મીડિયા પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે પધાર્યું છે. મીડિયાકર્મીઓનું આ પ્રતિનિધિ મંડળ ૨૬થી ૩૦ ઓકટોબર સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ સ્થળો અને સંસ્થોની મુલાકાત લેનાર છે.

૨૮ ઓકટોબરના રોજ ૩૦ મીડિયા કર્મીઓના મીડિયા ડેલિગેશને અમદાવાદ ખાતે આવેલી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોના મીડિયા કર્મીઓએ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. તેમણે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો, વિવિધ શાખાઓ સહિત સંસ્થાની પ્રવેશ પદ્ધતિ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ સહિતના મુદ્દાઓ અંગે માહિતી મેળવી હતી તથા હકારાત્મક ચર્ચા વિચારણાઓ કરી હતી.

આ મુલાકાત દરમિયાન NID(નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન) દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓ અને એલ્યુમની દ્વારા બનાવાયેલી અને રાષ્ટ્રીય તથા આંતરરષ્ટ્રીય સ્તરે નામના પામેલી ઓડિયો વિઝ્યુઅલ અને એનીમેટેડ ફિલ્મોનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. વિદેશી મહેમાનો NID(નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન)ની લાઈબ્રેરી, એક્ઝીબિશન એરિયા તેમજ પ્રોડક્ટ ડેવલપમેન્ટ લેબ જોઈને અભિભૂત થયા હતા. તેમણે સ્ટુડન્ટ્સ દ્વારા બનાવાયેલા વિવિધ પ્રોડક્ટ્સ ના મોડેલ્સ નિહાળ્યા હતા તથા વિવિધ પ્રકારના ડિઝાઈન કોર્સિસ વિશે પણ જાણકારી મેળવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮ ઓકટોબરના રોજ આફ્રિકન દેશોના મીડિયા કર્મીઓના પ્રતિનિધિ મંડળે NID(નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન) ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ, અટલ બ્રિજ, ગાંધી આશ્રમ સહિત શહેરમાં ચાલી રહેલા




શોપિંગ ફેસ્ટિવલની પણ મુલાકાત લીધી હતી. મીડિયા પ્રતિનિધિ મંડળની NID(નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન)ની મુલાકાત દરમિયાન NIDના ડાયરેકટર શ્રી અશોક મોંડલ, એજ્યુકેશનના એક્ટિવિટી ચેર પર્સન શ્રી વિજય સિંઘ કટિયાર, ઈન્ટીગ્રેટેડ ડિઝાઈન સર્વિસિઝના એક્ટિવિટી ચેર પર્સન શ્રી પી. રામાક્રિષ્ન રાઓ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એક્ટિવિટી ચેર પર્સન સુશ્રી ડો. ત્રિધા ગજ્જર, ક્રેડિટ એન્ડ ઈવેલ્યુએશન સિસ્ટમના હેડ સુશ્રી આરતી શ્રીવાસ્તવ તથા સંસ્થાના જનસંપર્ક અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

### મોદીએ દુધાળા ગામે ભારત માતા સરોવરનું લોકાર્પણ કર્યું

## રાજકોટ-મોરબી-જામનગરમાં મિની જાપાન થવાની તાકાત : વડાપ્રધાન મોદી

### જિલ્લાને ૪૮૦૦ કરોડના વિકાસના કાર્યોની ભેટ આપી



। (એજન્સી) અમરેલી, તા.૨૮ ।

જિલ્લામાં આજે વડાપ્રધાન મોદી દ્વારા ભારત માતા સરોવરનું લોકાર્પણ કરવામાં આવ્યું. સાથે જ લાઠીમાં તેમની જાહેરસભા પણ યોજાઈ હતી જ્યાં સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. અમરેલીમાં આજે તેમણે ૪૮૦૦ કરોડના વિકાસના કાર્યોની ભેટ આપી હતી. ભારતમાતા સરોવરના પાણીથી હવે ખેડૂતોને સિંચાઈ માટેના પાણીની ઘણી રાહત મળી રહેશે. દુધાળા ગામે પીએમ મોદીએ ભારતમાતા સરોવરનું લોકાર્પણ કર્યું ત્યાર બાદ તેમણે તેમના સંબોધનમાં ઘણી મહત્વની વાતો કરી હતી. પીએમ મોદીએ સરોવરનું લોકાર્પણ કર્યા બાદ કહ્યું કે દિવાળી દરવાજે ટકોરા મારી રહી છે જેથી આ સમય મંગળ કાર્યોનો છે. સાથે જ તેમણે કહ્યું કે આ બધા પ્રોજેક્ટ વિકાસની ગતિ આપનારા પ્રોજેક્ટ છે. ઉપરાંત તેમણે અમરેલીની ભૂમિને લઈને જણાવ્યું કે અમરેલી એ ભૂમિ છે કે જેણે યોગીજી મહારાજ, ભોજા ભગત, દુલા ભાયા કાગ, કલાપી, રમેશ પારેખ, કે. લાલા અને જીવરાજ મહેતા આપ્યા છે. વધુમાં પીએમ મોદીએ એવું પણ કહ્યું કે ગુજરાતમાં ભાજપની સરકાર બની ત્યારથી આપણે પાણીને પ્રાથમિકતા આપી છે. સૌની યોજનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે સૌની યોજનાએ કચ્છ સૌરાષ્ટ્રને નવું જીવન આપ્યું. વડાપ્રધાન મોદીએ ૧૮ થી ૨૦ વર્ષના યુવાનોનો ઉલ્લેખ કરીને કહ્યું તે લોકોને ખબર પણ નહીં હોય કે પહેલા પાણી વગર આપણે કેવી રીતે તરસતા હતા. તેમને ભૂતકાળની સમસ્યા ખબર નહીં હોય. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે 'એક તરફ સંસ્કૃતિનો ઉત્સવ અને બીજી બાજુ વિકાસનો ઉત્સવ અને આજ ભારતની એક નવી તાસીર છે. આજે આખી દુનિયા ભારતની વાત ગંભીરતાથી સાંભળે છે, ધ્યાનથી સાંભળે છે. રાજકોટ,મોરબી,જામનગર આ એવો ત્રિકોણ છે, કે જે ભારતના મેન્યુફેક્ચરિંગ હબ તરીકેની નામના થાય એવી તાકાત ધરાવે છે, આ મિની જાપાન થવાની તાકાત ધરાવે છે.' આ દરમિયાન તેમણે નર્મદાની વાત કરતા કહ્યું હતું કે 'એક સમય હતો, નર્મદાની પરિક્રમા જઈએ ને તો પૂણ્ય મળે, યુગ બદલાયો માતા નર્મદા ખુદ પરિક્રમા કરીને ગામડે ગામડે પહોંચીને પુણ્ય વહેંચી રહી છે, પાણી પણ વહેંચી રહી છે. આજે નર્મદાનું પાણી જ્યાં જ્યાં પહોંચ્યું છે ત્યાં ત્રણ-ત્રણ પાક લેવાઈ રહ્યા છે, જે ખેડૂતને એક પાક લેવાના સાસા પડતા હતા આજે તે ત્રણ-ત્રણ પાક લેતો થયો છે.' ઉલ્લેખનીય છે કે ભારત માતા સરોવરનું લોકાર્પણ કર્યા બાદ પીએમ મોદી એવું પણ બોલ્યા કે આઝાદીના ૭૫ વર્ષ થયા ત્યારે સરકાર બીજા બધા કાર્યક્રમો પણ કરી શકતી પણ અમારી સરકારે ગામડે ગામડે અમૃત સરોવર બનાવવાની યોજના બનાવી હતી.